પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૫, અંકઃ૬૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૩-૧૧-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 62 PRICE :-RS. 1.50 DATE : 03-11-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### વિશ્વ બેંક પાસેથી ભારતને ૭૫૦ મિલિયન પાઉન્ડનું ફંડ મળશે

## સ્કૂલ કોલેજોના સિલેબસમાં ક્લાઈમેટ ચેન્જનો સમાવેશ કરવાની પણ તરફેણ કરી

ગ્લાસગો,

બ્રિટનના વડાપ્રધાને કોરોના મહામારીને કારણે આ વર્ષે બે વખત પોતાની ભારતની મુલાકાતને રદ કરી હતી. જે બાદ બન્ને દેશના નેતાઓ પહેલી વખત આમના સામને આવીને મુલાકાત કરી હતી. વિદેશ મંત્રાલયના પ્રવકતા અરિંદમ બાગચીએ બેઠકના તુરંત બાદ ટ્વીટ કર્યું અને કહ્યું કે રોડમેપ ૨૦૩૦ પર આગળ વધી રહેલા વડાપ્રધાન નરેંદ્ર મોદીએ આજે ગ્લાસગોમાં બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસન સાથે મુલાકાત કરી હતી. સીઓપીના સફળ આયોજન બદલ તેમનો આભાર વ્યકત કર્યો હતો. દરમિયાન બ્રિટનના વડાપ્રધાન



બોરિસ જોન્સને કોપ૨૬ સમિટને ખુલ્લી મુકી હતી. તેમણે કહ્યું હતું કે વિશ્વ હાલ પૃથ્વીને બચાવવા માટે જેમ્સ બોન્ડ જેવી ક્ષણોમાંથી પસાર થઈ રહ્યું છે. આ દરમિયાન બ્રિટને ઈન્ડિયા ગ્રીન ગેરન્ટી લોંચ કરી હતી, વિશ્વ બેંક પાસેથી ભારતને હવે ૭૫૦ મિલિયન પાઉન્ડનું ફંડ મળશે જેનો ઉપયોગ ભારતભરના ગ્રીન પ્રોજેક્ટ માટે કરાશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્રિટનના ગ્લાસગોમાં કોપ-૨૬ સમિટમાં પોતાના ભાષણ દરમિયાન ક્લાઈમેટ ચેંજ અંગે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ક્લાઈમેટ ચેંજ વિકાસશીલ દેશો માટે એક મોટુ સંકટ છે, મોદીએ ક્લાઈમેટ ચેંજને વિદ્યાર્થીઓ જાણી શકે તે માટે સ્કૂલ કોલેજોના સિલેબસમાં તેનો સમાવેશ કરવાની પણ તરફેણ કરી હતી. મોદીએ જણાવ્યું હતું કે ગ્લાસગોમાં કોપ ૨૬ સમ્મેલનમાં સંબોધન વેળાએ કહ્યું કે ભારત સહિત મોટા ભાગના વિકાસશીલ દેશોના કૃષી ક્ષેત્ર માટે જળવાયુ પરિવર્તન સૌથી વધુ માર સહન કરી રહ્યા છે. તેનો સૌથી વધુ પ્રભાવ કૃષિ પર પડી રહ્યો છે. હાલ વાવાઝોડા અને પુરને કારણે ખેડૂતોના પાકને ભારે નુકસાન થઈ રહ્યું છે. પાછળ રહી ગયેલા દેશોને વિશ્વના અન્ય દેશોની મદદની જરૂર છે. અનેક પરંપરાગત સમુદાયોને પ્રકૃતિની સાથે સદભાવ સાથે રહેવાનુ જ્ઞાન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે સીઓપી-૨૬ જળવાયુ સમ્મેલનમાં બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સનની સાથે પણ મુલાકાત કરી હતી. અને આ દરમિયાન બન્ને નેતાઓએ હરિત હાઈડ્રોજન, આધુનિક ઉર્જા, સ્વચ્છ ઉધ્યોગીકરણ, આર્થવ્યવસૃથા અને સંરક્ષણ વગેરે પર ક્ષેત્રોમાં સહયોગ અંગે વિચારવિમર્શ કર્યા હતા.

## ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર

અમદાવાદ,

હવામાન વિભાગના અનુમાન પ્રમાણે આગામી ૩ દિવસ લઘુતમ તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો થતાં ઠંડીમાં ઘટાડો અનુભવાશે. અમદાવાદ શહેરમાં માત્ર પાંચ દિવસમાં જ લઘુત્તમ તાપમાનનો પારો ૬.૭ ડિગ્રી જેટલો ગગડયો છે. શહેરમાં ગત ૨૭મી ઓક્ટોબરના રોજ લઘુત્તમ તાપમાન ૨૧.૩ ડિગ્રી નોંધાયુ હતુ જે આજે ઘટીને ૧૪.૬ ડિગ્રી થઈ ગયું છે. આમ રાજ્યના મોટાભાગના શહેરોનું લઘુત્તમ તાપમાન મહત્તમ તાપમાનની સરખાણીએ ૫૦ ટકા કરતાં પણ ઓછુ થઈ ગયું છે. જેથી અચાનક રાજ્યમાં ઠંડીનું જોર વધ્યું છેદેશના ઉત્તર ભાગમાં કેટલાક દિવસથી હિમવર્ષા થઈ રહી છે. તેની અસર હેઠળ દેશના તમામ ભાગોમાં ઠંડા પવનો ફૂંકાઈ રહ્યાં છે. ત્યારે ગુજરાતમાં પણ છેલ્લા બે દિવસોથી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. બીજી તરફ અમદાવાદ, ગાંધીનગરમાં બે દિવસથી ઠંડીનું જોર વધ્યું છે. સોમવારે સિઝનમાં પ્રથમ વખત અમદાવાદનું લઘુત્તમ તાપમાન ઘટીને ૧૪.૬ ડિગ્રીએ પહોંચી ગયું હતું. જ્યારે ૧૪ ડિગ્રી સાથે ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું હતું. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૨૪ કલાકમાં રાજ્યમાં ઠંડીમાં વધારો થઈ શકે છે. આ વર્ષે શિયાળો મોડો શરૂ થયો છે. પરંતુ હવે શિયાળા આવનારા સમયમાં પરચા બતાવો અને જબરદસ્ત ઠંડી પડે તેવી શક્યતાઓ છે. છેલ્લા બે દિવસથી સતત પારો ગગડી રહ્યો છે. જેના કારણે ઠંડી વધી રહી છે. પવનની સરેરાશ ઝડપ પણ ૬થી ૮ કિ.મી. પ્રતિ કલાક રહેતાં પરોઢે અને મોડી રાત્રે જોરદાર ઠંડીનો અહેસાસ થાય છે. ગુજરાતમાં મોટાભાગના શહેરમાં ૨૦ ડિગ્રીથી નીચું તાપમાન નોંધાયું છે. જેમાં ગાંધીનગર, કેશોદમાં ૧૪ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. ગત રાત્રિએ અમદાવાદમાં ૧૪.૬ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ચાર ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર અમદાવાદમાં આગામી ૩ દિવસ ૧૬થી ૧૮ ડિગ્રી વચ્ચે સરેરાશ લઘુતમ તાપમાન રહેશે.અમદાવાદમાં ગત વર્ષે ૨૪ નવેમ્બરે ૧૨.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જે ગત વર્ષે નવેમ્બરમાં નોંધાયેલું સૌથી નીચું તાપમાન હતું. સોમવારે રાજ્યમાં અમરેલી-જુનાગઢમાં ૧૪.૮, નલિયામાં ૧૫.૬, વડોદરામાં ૧૬, રાજકોટમાં ૧૭.૩, ભાવનગરમાં ૧૭.૫, ડીસામાં ૧૭.૬, ભૂજમાં ૨૦.૬, સુરતમાં ૧૯.૮ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

## ૨૬મી સુધી ખેડુતોના પ્રશ્નો હલ કરો નહીં તો મોટું આંદોલન : ટીકૈત

નવી દિલ્હી,

દિલ્હીના ગાઝીપુર અને ટીકરી બોર્ડરેથી બેરિકેટ હટાવવા મુદ્દે રસ્તો ખોલવાના મુદે ખેડૂત નેતાઓ અને સરકાર વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. પોલીસ રસ્તો ખોલવા મક્કમ છે. જ્યારે ખેડૂતો તેમને હટાવવા બાબતે સહમત નથી. ખેડૂત નેતાઓએ કહ્યું હતું કે સરકાર નવા કૃષિ કાયદાને પાછો ખેંચશે નહીં ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. એ સિવાયની કોઈ જ શરત માન્ય રખાશે નહીં. રાકેશ ટિકેતે આરોપ લગાવ્યો હતો કે પોલીસ બેરિકેટ હટાવવાની સાથે સાથે તેમના તંબુઓને પણ તોડી રહી



છે. જોકે, દિલ્હી પોલીસે એવા આરોપો નકારી દીધા હતા. ઉલ્લેખનીય છે કે નવા કૃષિ કાયદાના વિરોધમાં ગત ૨૬મી નવેમ્બરથી ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. કૃષિ કાયદો પાછો ખેંચવાની માગણી સિવાયની કોઈ શરત ખેડૂતોએ સ્વીકારવાનો ઈનકાર કર્યો છે. ખેડૂત નેતા રાકેશ ટિકેતે બે દિવસમાં આ બીજી વખત સરકારને અલ્ટિમેટમ આપ્યું છે.ખેડૂત નેતા રાકેશ ટિકેતે ટ્વીટ કરીને કહ્યું હતું કે જો સરકાર ૨૬મી નવેમ્બર સુધીમાં ખેડૂતોના પ્રશ્નો નહીં ઉકેલે તો પછી ૨૭મી નવેમ્બરથી ખેડૂત આંદોલન વધુ તીવ્ર બનશે. ૨૭મીએ ખેડૂતો ગામડાંમાંથી ટ્રેક્ટર લઈને દિલ્હીની ઘેરાબંધી કરશે અને દિલ્હી સરહદે ફરીથી તંબુ તાણવામાં આવશે. રાકેશ ટિકેટે કેન્દ્ર સરકારને અલ્ટિમેટમ આપતા કહ્યું હતુંઃ કેન્દ્ર સરકારને ૨૬મી નવેમ્બર સુધીનો સમય આપવામાં આવે છે. એ પછી ૨૭મી નવેમ્બરથી દેશભરના ખેડૂતો ગામડાંઓમાંથી ટ્રેક્ટર લઈને દિલ્હી સરહદે આવી જશે અને પાટનગરની ચારેતરફ ઘેરાબંધી કરાશે. મજબૂત કિલ્લેબંધી સાથે આંદોલનને વધારે તેજ બનાવાશે. તંબુઓ ફરીથી તાણવામાં આવશે. ટિકેતે કહ્યું હતું કે દિલ્હી સરહદેથી ખેડૂતોને બળજબરીપૂર્વક હટાવવાની કોશિશ કરવામાં આવશે તો યોગ્ય પરિણામ નહીં આવે.ખેડૂતો વધારે મજબૂત થઈને આંદોલન કરશે. ખેડૂત નેતાએ કહ્યું હતું કે જો સરકારી અધિકારીઓ ખેડૂતો સાથે બળજબરી કરશે તો સરકારી ઓફિસોને અનાજની બજાર બનાવી દેવામાં આવશે.

## દિવાળીમાં ટુર પેકેજોમાં ૨૫ ટકાનો ભાવ વધારો જોવા મળ્યો

નવી દિલ્હી,

હવે સિંગલ ટુર કરતા ફેમિલી પેકેજ વધ્યા છે. ટુર એન્ડ ટ્રાવેલિંગ સાથે જોડાયેલા ઉમેશભાઈ દફતરી કહે છે કે, કોરોનાથી કંટાળેલા લોકો ફરવા નીકળ્યા છે. ગુજરાતની વાત કરવામાં આવે તો સાસણનું બુકિંગ પણ સારૂ છે. હજુ સાઉથ બાજુ જતા લોકો ડરે છે. કારણ કે મુંબઈ અને કેરળમાં કેસ વધી રહ્યા છે. જ્યારે સિટીમાં ઘણા લોકો બેંગ્લોરને પસંદ કરી રહ્યા છે. ઈન્ટરનેશનલની વાત કરવામાં આવે તો માત્ર માલદીવ્ઝ અને દુબઈને લોકો પસંદ કરે છે. આ રીતે બુકિંગ મળ્યા તો આવનારા દિવસોમાં ટુરિંગ ક્ષેત્રે આર્થિક રીતે લાભ રહેશે. જ્યારે પ્રવાસી તરીકે મહેશભાઈ કહે છે કે, ગોવા માટેની પૂછપરછ માટે આવ્યો હતો પણ ત્યાં બુકિંગ પેક છે એટલે મનાલીનું ઑપરેટર્સ સજેસ્ટ કરે છે. અત્યારે ત્યાંનું વેધર પણ સારૂં છે. બે વર્ષથી બહાર ગયા નથી એટલે જવાનો ઉત્સાહ પણ છે. જ્યારે યુવાન મિતેશ પટેલ કહે છે, ફેમિલી ટુર તરીકે નાથદ્વારા અને ઉદયપુર ફરવાનો પ્લાન છે. આ માટે અમે ધનતેરસના દિવસે નીકળીશું. પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા છે એની અસર પેકેજ ટુર ઉપર પણ થઈ છે. જે સ્ટે કે કોટેજ રૂ.૭૦૦-૮૦૦માં મળતા એના અત્યારે સીધા ૨૫૦૦ રૂ. છે. ટ્રેનમાં એડવાન્સ બુક કરાવેલુ હોવાથી ફાયદો થયો છે. સૌરાષ્ટ્રમાંથી કેટલાક પરિવાર પોતાતની રીતે પણ પ્લાન કરી રહ્યા છે. જેઓ દિલ્હી રોકાણ કરીને આગ્રા અને અક્ષરધામ દિલ્હી સુધી ફરવાના છેતહેવારની રજામાં સૌરાષ્ટ્રની પ્રજા ફરવાના મુડમાં આવી જાય છે. દિવાળીનું વેકેશન શરૂ થઈ ચુક્યુ છે. લાંબા સમય સુધી ફરવા નહીં જઈ શકેલા ગુજરાતીઓ ફરવા નીકળી પડ્યા છે. તો કેટલાક ફરવા જવાની તૈયારીઓ કરી રહ્યા છે. પરિવાર, સ્વજનો અને મિત્રો સાથે ફરવા જવાનું પ્લાનિંગ કરી દીધું છે. જેના કારણે ટૂર ઓપરેટરોને રાહત થઈ છે. તેઓ મંદીમાંથી બહાર આવ્યા છે. અમદાવાદીઓએ ગુજરાતમાં ફરવાના સ્થળો પર ફોકસ કરી ત્યાં જવા માટેનું બુકિંગ પણ કરાવ્યુ છે. જ્યારે સૌરાષ્ટ્રમાંથી જતા પરિવારોની પહેલી પસંદ નાથદ્વારા, ઉદયપુર અને રાજસ્થાનના શહેરો રહ્યા છે. છેલ્લા દોઢ વર્ષથી ઘરમાં બંધ રહેલા પરિવાર દિવાળની રજામાં ફરવા માટે નીકળ્યા છે. લોકોએ વેક્સીનેશન કરાવી લીધુ હોવાથી થોડા ચિંતા મુક્ત થઈને ફરી રહ્યા છે. દિવાળીની રજાઓ શરૂ થતા જ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સમાં ૭૦% બુકિંગ પેક થવા માંડ્યા છે. જ્યારે ટુર પેકેજમાં સીધો ૨૫%નો ભાવ વધારો થયો છે. ગુજરાતની બહારના ડેસ્ટિનેશનમાં જમ્મુ, લેહ-લદ્દાખ તથા હિમાચલ સૌથી ફેવરિટ ડેસ્ટિનેશન છે. જ્યારે અનેક એવા પરિવારો છે જેની પહેલી પસંદ આજે પણ રાજસ્થાન રહ્યું છે. જો ગુજરાતમાં ફરવાની વાત આવે તો સાસણ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં પ્રવાસીઓની સંખ્યા વધારે છે. રાજકોટ તથા સૌરાષ્ટ્રમાંથી સૌથી વધારે રાજસ્થાનના ઉદયપુર, જયપુર, નાથદ્વારા, આબુ, જેસલમેર છે. તો એનાથી વધારે પેકેજમાં ગોવા, મહાબળેશ્વર, લોનાવાલા, શિમલા, ડેલહાઉસી તથા મનાલી છે. જ્યારે યુવાનોમાં જમ્મુ-કાશ્મીર અને લેહ-લદ્દાખ છે. ટુર પેકેજમાં આ વખતે ૨૫ ટકાનો સીધો વધારો છે. વેક્સિન સર્ટિફિકેટ, RT-PCR ટેસ્ટ ફરજિયાત છે. ખાસ કરીને બીજા રાજ્યમાં આ અંગેનું વેરિફિકેશન થાય છે.

## ૯૦ ટકા ગુજરાતીઓથી માઉન્ટ આબુ હાઉસફૂલ

આબુ,

માઉન્ટઆબુ ખાતે દિવાળી પર્વ દરમ્યાન ભાઈબીજથી લાભપાંચ સુધીના દિવસ દરમ્યાન માઉન્ડ આબુની ૨૧૦થી વધુ હોટેલમાં બુકિંગ હાઉસફુલ થઈ ગયું છે. હોટેલોના ભાવ બે થી ત્રણ ઘણા વધી ગયાનું જણાય છે.ગુજરાતભરમાંથી એક જ દિવસમાં ૫૦,૦૦૦થી વધુ સહેલાણીઓ ઊમટી પડ્યા છે. વેકેશનમાં આ આંકડો એક લાખ પાર થવાની શકયતા નકારી શકાય નહીં.છેલ્લાં બે વર્ષ દરમ્યાન કોરોના મહામારીના લીધે સહેલાણીઓ વિના સૂના બનેલા માઉન્ટ આબુમાં આ વખતે દિવાળીના અગાઉથી રૂમ બુકિંગ કરી દેવાયા છે. આથી મોટાભાગની હોટલોમાં હાઉસફૂલના બોર્ડ લાગી જતા હોટેલ સંચાલકો પણ હવે લાભપાંચમ પછીનું બુકિંગ થઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. રાજસ્થાનના એકમાત્ર હિલસ્ટેશન માઉન્ટ આબુમાં ૨૦૦થી વધુ હોટેલ, રિસોર્ટ આવેલી છે. જેમાંથી મોટાભાગની હોટેલના બુકિંગ થઈ ગયા છે. આમ ગેસ્ટહાઉસથી લઈ હાઈકલાસ હોટેલ સુધીના રૂ.૨૦૦૦ થી ૧૫૦૦૦ ભાડું આપી લોકોએ બુક કરાવી રહ્યા છે. દિવાળીની વાત કરીએ તો માઉન્ટના હિલવાળા રસ્તા પર વાહનોની હારમાળા સર્જાઇ જશે. આથી આ દિવસો દરમ્યાન જાણકારો એક મહિલા પહેલાંથી જ હોટેલનું બુકિંગ કરાવી દે છે. જે રૂમના સામાન્ય દિવસોમાં રૂપિયા ૨૦૦૦થી ૩૦૦૦ ચાર્જીસ હોય છે તેના ભાઈબીજથી પાંચ સુધીમાં ૫૦૦૦ કરતાં પણ વધુ લેવાય છે. જ્યારે વી.આઈ.પી. સવલતવાળા રિસોર્ટ અને હોટેલના ભાવ સામાન્ય દિવસોમાં રૂ.૫૦૦૦થી ૧૦,૦૦૦ વચ્ચે હોય તેના રૂ.૧૫,૦૦૦ બોલાય છે.

## દિલ્હીમાં ફટાકડાં પર સંપૂર્ણ પ્રતિબંધ છે

નવી દિલ્હી,

દિલ્હી હાઈકોર્ટના ન્યાયમૂર્તિ સંજીવ સચદેવે જણાવ્યું હતું કે જો કોઈ વ્યકિત દિલ્હી બહારથી આવીને એમ કહે કે મારા વિસ્તારમાં વાયુ પ્રદૂષણનું ઓછું છે અને હું અહીંથી ખરીદીને ત્યાં જઈને ફટાકડા ફોડીશ તો દીલ્હીનો દુકાનદાર તેને ફટાકડા વેચે તો તે ગુનો ગણાશે અને સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ભંગ ગણાશે.કોરોના મહામારીની વચ્ચે વાયુ પ્રદૂષણને અંકુશમાં રાખવા માટે કલકત્તા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળમાં ફટાકડાના વેચાણ, ખરીદી અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. જો કે સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના આ આદેશને રદ કરી દીધો છે. ન્યાયમૂર્તિ એ એમ ખાનવિલકર અને ન્યાયમૂર્તિ અજય રસ્તોગીની બનેલી સ્પેશિયલ ખંડપીઠે કલકત્તા હાઈકોર્ટના આદેશની વિરુદ્ધ દાખલ કરવામાં અરજીની સુનાવણી દરમિયાન પશ્ચિમ બંગાળને સુનિશ્ચિત કરાવા જણાવ્યું છે કે રાજ્યમાંપ્રતિબંધિત ફટાકડાની કોઈ પણ સંજોગોમાં આયાત કરવામાં ન આવે.

## GSTનું ઓક્ટોબર કલેક્શન ૧.૩૦ લાખ કરોડ

નવી દિલ્હી,

સૌથી હાઈએસ્ટ કલેકશન એપ્રિલ, ૨૦૨૧માં રૂ.૧.૪૧ લાખ કરોડ રૂપિયા નોંધવામાં આવ્યું હતું. સપ્ટેમ્બર, ૨૦૨૧માં જીએસટી કલેક્શન રૂ.૧.૧૭ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. ગયા વર્ષે ઓક્ટોબરમાં જીએસટી કલેક્શન રૂ.૧.૦૫ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું.ઓક્ટોબર, ૨૦૨૦ની સરખામણીમાં ઓક્ટોબર, ૨૦૨૧નું જીએસટી કલેક્શન ૨૪ ટકા વધુ રહ્યું છે. જ્યારે ઓક્ટોબર, ૨૦૧૯માં જીએસટી કલેક્શન રૂ.૯૫,૩૮૦ કરોડ રૂપિયા રહ્યું હતું. ઓક્ટોબર, ૨૦૧૯ની સરખામણીમાં ઓક્ટોબર, ૨૦૨૧નુંજીએસટી કલેક્શન ૩૬ ટકા વધુરહ્યુંછે. ઓક્ટોબર, ૨૦૨૧નું જીએસટી કલેક્શન એપ્રિલ, ૨૦૨૧ પછીનું સૌથી વધુ રહ્યું છે. એપ્રિલ, ૨૦૨૧માં જીએસટી કલેક્શન




વિક્રમજનક રૂ.૧.૪૧ લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. જુલાઈ, ૨૦૨૧માં જીએસટી કલેક્શન ૧.૧૬ લાખ કરોડ રૂપિયા અને ઓગસ્ટ, ૨૦૨૧માં જીએસટી કલેક્શન ૧.૧૨ લાખ કરોડ રૂપિયા રહ્યુંહતું. નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે સપ્ટેમ્બર, ૨૦૨૧માં કુલ જીએસટી કલેક્શન ૧,૩૦,૧૨૭ કરોડ રૂપિયા રહ્યું છે. જેમાં સેન્ટ્રલ જીએસટી ૨૩,૮૬૧કરોડ રૂપિયા, સ્ટેટ જીએસટી ૩૦,૪૨૧ કરોડ રૂપિયા, ઈન્ટેગ્રેટેડ જીએસટી ૬૭,૩૬૧ કરોડ રૂપિયા છે. નાણા મંત્રાલયે વધુમાં જણાવ્યું છે કે જીએસટીના આંકડા સ્પષ્ટ સંકેત આપે છે કે અર્થતંત્ર ઝડપથી રિકવર થઈ રહ્યું છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર તહેવારોની સિઝનને પગલે આગામી સમયમાં જીએસટી કલેક્શન ઉંચું જ રહેશે.જીએસટી કલેક્શન ઓક્ટોબર, ૨૦૨૦માં રૂ. ૧.૦૫ લાખ કરોડ અને ઓક્ટોબર, ૨૦૧૯માં રૂ.૯૫,૩૮૦ કરોડ હતું ઓક્ટોબરના આંકડા સ્પષ્ટ સંકેત આપે છે કે અર્થતંત્ર કોરોનાની મંદીમાંથી બહાર આવી રહ્યું છેઃ નાણા મંત્રાલય જુલાઈ, ૨૦૧૭માં જીએસટી લોન્ચ થયા પછી અત્યાર સુધીનું સૌથી વધુ કલેક્શન એપ્રિલ, ૨૦૨૧માં રૂ. ૧.૪૧ લાખ કરોડ હતું સળંગ ચોથા મહિને ભારતનું જીએસટી કલેક્શન એક લાખ કરોડ રૂપિયાથી વધારે રહ્યું છે. ઓક્ટોબરમાં જીએસટી કલેક્શન ૧.૩૦ લાખ કરોડ રૂપિયા રહ્યું છે.જે જુલાઈ, ૨૦૧૭ પછીનું બીજું સૌથી મોટું કલેક્શન છે. ઉલ્લેખનીય છે કે જુલાઈ, ૨૦૧૭માં જીએસટી લોન્ચ કરવામાં આવ્યું હતું. ઓકટોબરના જીએસટી આંકડા સંકેત આપી રહ્યાં છે કે ભારતીય અર્થતંત્ર કોરોના મહામારીની મંદીમાંથી બહાર આવી રહ્યું છે તેમ નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે.

## કેન્દ્ર દ્વારા ONGCને ૬૦ ટકા હિસ્સો વિદેશી કંપનીઓને આપવા જણાવ્યું

નવી દિલ્હી,

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના એડિશનલ સચિવ અમર નાથે ઓએનજીસી(ઓઉલ એન્ડ નેચરલ ગેસ કંપની)ના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર સુભાષ કુમારને પત્ર લખી જણાવ્યું છે કે જાહેર ક્ષેત્રની કંપની હેઠળ આવતા મુંબઈ હાઈ અને બસઈ એન્ડ સેટેલાઈટ(બી એન્ડ એસ) ઓફશોરમાં ઉત્પાદન ઓછું છે. આ સ્થિતિમાં આંતરરાષ્ટ્રીય ભાગીદારોને આમંત્રણ આપવું જોઈએ અને તેમને ૬૦ ટકા હિસ્સાનંર ઓપરેટિંગ કન્ટ્રોલ આપવું જોઈએ. આગામી વર્ષે કુમારનું સ્થાન લેશે. ઓએનજીસીને લખવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટને કારણે ઉત્પાદનમાં વધારો થશે. નાથે વધુમાં જણાવ્યું છે કે ફીલ્ડમાં ડોમેસ્ટિક પ્રોડક્શનમાં મહત્ત્વપૂર્ણ ફાળો આપવાની ક્ષમતા છે. આ વિસ્તારમાં પાઈપલાઈન અને પ્લેટફોર્મ જેવા ઈન્ફ્રાસ્ટ્રકચરમાં વિદેષી કંપનીઓને આમંત્રણ આપવું જોઈએ.પેટ્રોલિયમ મંત્રાલયે ઓએનજીસીને દેશના સૌથી મોટા ઓઈલ અને ગેસ ઉત્પાદક ક્ષેત્ર મુંબઈ હાઈ અને બસઈમાં ૬૦ ટકા હિસ્સાનું ઓપરેટિંગ કન્ટ્રોલ વિદેશી કંપનીઓને આપવા જણાવ્યું છે. આ સંદર્ભમાં ભારત સરકારની કંપનીને ૨૮ ઓકટોબરે પત્ર લખવામાં આવ્યો હતો. એપ્રિલ પછી આ બીજો પ્રસંગ છે જેમાં નાથે સત્તાવાર પત્ર લખ્યો છે અને કંપનીના નબળી દેખાવની વાત જણાવવામાં આવી છે. તેઓ લાંબા સમયથી ઓએનજીસીના મેનેજમેન્ટમાં સરકાર દ્વારા નિમાયેલા ડાયરેક્ટર છે અને મેનેજમેન્ટનો હિસ્સો છે.


**અરજદારના વકીલ શ્રી ડી.જી. હરમુલાણી**

**ગોધરાના મહે.બીજા એડી. જ્યુ.મેજી.ફ.ક. સાહેબશ્રી ડી.એમ. પરમાર સાહેબની કોર્ટમાં, રૂમ નંબર. ૪૦૧ સિવિલ કોર્ટ બિલ્ડીંગ, ત્રીજો માળ, ગોધરા. જી.પંચમહાલ જન્મ મરણ અધિનિયમની કલમ : ૧૩ (૩) મુજબની જન્મ-મરણની નોંધણી કરવા બાબત જાહેર નોટીસ**

ક્રિ.પ.અરજી નં.૧૮૫/૨૦૨૧
આંક :-૪

અરજદાર : અજય મહેન્દ્રભાઈ સોલંકી

રહે :- ડસાર, કાકણપુર, તા.ગોધરા, જી.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, કાંકણાપુર પંચાયત, કાંકણાપુર પંચાયત ગોધરા, પંચમહાલ.

આથી લાગભાગ, હકક હીત ધરાવાતા તામામ ઈસમોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે, કે અરજદાર નામે અજય મહેન્દ્રભાઈ સોલંકી ના દાદા નામે નાનાભાઈ ડાહ્યાભાઈ મૃત્યુની નોંધણી સામાવાળાના દફતરે કરાવવા માટે ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. નાનાભાઈ ડાહ્યાભાઈ કુદરતી રીતે મરણ ડસાર, કાંકણપુર, તા.ગોધરા ખાતે તા.૧૦/૦૪/૨૦૦૩ ના રોજ થયેલ છે. આથી જે કોઈ ઈસમોને/વાંધેદારોને ઉક્ત જન્મ/મરણ નોંધ થવા/કરાવવા સામે વાંધો યા તકરાર હોય તો તમોએ વાંધા/પુરાવા સહીત અત્રેની અદાલતમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં વાંધા રજુ કરવા બીનચુક હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો વાંધો યા તકરાર નથી તેમ ગણી અરજદારનો યોગ્ય જણાશે તો ધોરણસરની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ. ૩૦ માહે ઓક્ટોમ્બર સને ૨૦૨૧ ને રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | (એ.જે. દવે) |
|---|---|---|---|
| (એન. આર. ટાંક) | (એસ. આર. ક્રિશ્ચન) | કોર્ટનો સિક્કો | રજીસ્ટ્રાર |
| આસીસ્ટન્ટ | સીરેસ્તેદાર | | ચીફ કોર્ટ, ગોધરા |



**કરો સોના-ચાંદી અને ગ્રહોના નંગની મંગલમય ખરીદી**

સૌથી વધુ પસંદગી, ઓછા મેકીંગ ચાર્જીસ, સારી ગુણવત્તા....

**શ્રીનાથજી જવેલર્સ**

ફોન નં. ૦૨૬૭૨-૨૪૦૩૬૯,મો. ૯૪૨૮૬ ૮૩૯૩૬



અદુમ્બર કુવા, સોનીવાડ, ગોધરા



**ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ**

લઈને આવી રહ્યું છે....

ઓરેવા કંપનીની ઈ-બાઈક નો શોરૂમ એ પણ આપણા વેજલપુર ગામમાં

૧૦૦% ઈન્ડીયન મેનુફેક્ચરીંગ ઈલેક્ટ્રીક બાઈક

- ના પેટ્રોલની ઝંઝટ.
- ના આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન ની માથાકુંટ.
- ના પી.યુ.સી. ની ઝંઝટ.
- ના હેલ્મેટ પહેરવાની જરૂર.
- ના લાયસન્સની જરૂર.
- એક જ વારના ચાર્જીંગથી ૫૦ કિ.મી. ચાલે.

બુકીંગ/વધુ માહિતી માટે મળો

**સતિષભાઈ શેઠ**

(ધી વેજલપુર નાગરીક સહકારી બેંક લી.-ચેરમેનશ્રી)

મો. ૭૭૭૮૦ ૩૪૯૧૯



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રસિધ્ધ કરાયેલા જાહેરનામાનો ચુસ્ત પણે અમલ કરી સુરક્ષીત દિવાળી ઉજવીએ

લુણાવાડા, તહેવારો દરમિયાન જાહેરમાં ફટાકડા ફોડવાથી પર્યાવરણ તથા જાહેર આરોગ્યને થતી અસર સંબંધમાં નામ.સુપિમ કોર્ટમાં દાખલ થયેલ રીટ પિટીશન(સિવીલ) ની ૭૨૮/૨૦૧૫માતા,૨૩/૧૦/૨૦૧૮,૩૦/૧૦/૨૦૧૮ અને તા.૩૧/૧૦/૨૦૧૮ની હુકમથી કેટલીક સ્પષ્ટ સૂચનાઓ તથા માર્ગદર્શિકાઓ નામદાર કોર્ટ આપેલ છે. નામ સુપ્રિમ કોર્ટના વિગતવાર હુકમો સુપ્રિમ કોર્ટની વેબસાઈટ ઉપર પણ ઉપલબ્ધ છે. આ હુકમોનું પાલન થાય તે અત્યંત જરૂરી છે. તેના અમલીકરણ માટે દિવાળી તથા અન્ય નીવારો દરમિયાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે મહીસાગર જિલ્લામાં ફટાકડા ખરીદ, વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવું જરૂરીહોયમહીસાગરકલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડો.મનીષ કુમાર (આઈ.એ.એસ), ફોજદારી કાર્યરીતી અધિનયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨)ની કલમ–૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ મહીસાગર જિલ્લાની હદ વિસ્તારમાં નીચે મુજબના ન્યોનું ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવ્યુ છે.

દિવાળી તથા અન્ય તહેવારો કે જેમા ફટાકડા ફોડવામાં આવે છે તેમાં ફટાકડા રાત્રીના ૨૦:૦૦ થી ૨૨:૦૦ કલાક દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે. તેમજ ક્રિસમસ(નાતાલ) અને નૂતન વર્ષના તહેવાર દરમિયાન ફુટાકડા રાત્રે ૨૩:૫૫કલાકથી ૦૦:૩૦ કલાક સુધી જ ફોડી શકાશે. સીરીઝમાં જોડાયેલા ફટાકડા (ફટાકડાની લુમ) થી મોટા પ્રમાણ માં હવા,અવાજ અનેઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી, ફોડી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી.હાનિકારક ધ્વનિ પ્રદૂષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વનિ સ્તર (Deslbel Level) વાળા જ ફટાકડા વેચી / વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોકસ ઉપર PESO થી સુચના પ્રમાણેનું માર્કિંગ હોવુ જરૂરી છે. હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી. કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહીં, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી. ઈ–કોમર્સ વેબસાઈટ ફિલપકાર્ટ, એમેઝોન સહીતની કોઈ પણ ઈ–કોમર્સ વેબસાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઇન ઓર્ડર લઈ શકાશે નહી કે ઓનલાઈન વેચાણ કરી શકાશે નહી. લોકોને અગવડ ઉભી ન થાય કે કોઈ પણ ભયજનક પરિસ્થિતીનું નિર્માણ ન થાય તે માટે મહીસાગર જિલ્લાના બજારો,શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ પી. જી. બોલીગ પ્લાન્ટ,એલ પી જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગીઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામોની નજીકમાં ફટાકડા દારૂખાનું ફોડી શકાશે નહી. કોઈ પણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુકકલ/આતશબાજી બહુન)નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ ફટાકડા વેચાણ / ફોડવા બાબતે એકસ્પ્લોઝીવ રૂલ્સ–૨૦૦૮ની તમામ શરતો/નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

## મહિસાગર જિલ્લાની સહકારી સંસ્થાઓ જોગ

લુણાવાડા, મહિસાગર જિલ્લાની સહકારી સંસ્થાઓને જણાવવાનું કે જિલ્લામાં આવેલ ૭૦ મંડળીઓના ઓડીટ લાંબા સમયથી બાકે રહેલ છે. આ મંડળીઓના ઓડીટ અર્થે વારંવાર પ્રયત્નો કરવા છતાં ઓડીટ ન થવાથી અત્રેની કચેરીએથીતા.૨૭/૭/૨૦૨૧ના રોજ ગુજરાત સમાચાર દૈનિક પેપરમાં જાહેર નોટીસ આપવા માં આવેલ હતી છતાં આ સંસ્થાઓના ઓડીટ અર્થે અત્રેની કચેરીનો સંપર્ક કરેલ નથી કે ઓડીટ પણ કરાવેલ નથી. જેથી આપને વધુ એક તક આપી. આપની સંસ્થાના બાકી ઓડીટ માટે દિન–૧૫માં અત્રેની કચેરીનો સંપર્ક કરવો અન્યથા સમય મર્યાદામાં અત્રેનો સંપર્ક કરવામાં ન આવે તો આપની આ તમામ મંડળીઓની નોંધણી રદ કરવામાં આવશે જેની હોદ્દેદારો/કર્મચારીઓએ નોંધ લેવા જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ મહીસાગર–લુણાવાડાની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### મહીસાગર જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ અને

# જિલ્લા સેવા સત્તા કાનૂની સેવા મંડળના સંયુક્ત ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પાન ઈન્ડીયા એવરનેસ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહિલા અને બાળ વિકાસ વિભાગ અને જિલ્લા સેવા સત્તા કાનૂની સેવા મંડળ મહીસાગરના સંયુકત ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પાન ઈન્ડીયા એવરનેસ ઉજવણી નિમિત્તે મહીસાગર જિલ્લા ન્યાયલય ખાતે મહિલા લક્ષી કાયદા અંગે જાગૃતતા આવે અને મહિલાઓને સમાજમાં માન અને સ્વમાન મળી રહે તેવા ઉમદા હેતુસર જાગૃતિ કાર્યક્રમનું આયોજન નામદાર પ્રિન્સીપલ ડીસ્ટીક્ટ્ર જજ એચ. એ. દવેના અધ્યક્ષ સ્થાને અને જિલ્લાની વિવિધ કોર્ટોના નામદાર જજ ઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમને દીપ પ્રાગટય કરી ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડીસ્ટ્રીક્ટ જજ એચ. એ. દવેએ પ્રાસંગિક ઉદબોધનમાં મહિલા સશક્તિકરણ જાગૃતિ કાર્યક્રમ કરવાની પહેલ કરી વધુમાં વધુ સમાજની મહિલાઓ આગળ આવી મહિલાલક્ષી કાયદાઓથી અવગત થાય તે બાબત પર ભાર મુક્યો હતો. તેમજ મહિલા લક્ષી કાયદા અંગે જાગૃતતા આવે અને મહિલાઓને સમાજમાં માન અને સ્વમાન મળી રહે તેવા ઉમદા હેતુસર આવા જાગૃતિ કાર્યક્રમોની તેમા મહત્વની ભૂમિકા રહીશે.

આ કાર્યક્રમમાં નામાદાર ડીસ્ટ્રીક્ટ જજ એચ. એ. દવેના હસ્તે મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળની વિધવા બહેનોનું સામાજિક પુનઃસ્થાપન અને પરીવર્તનની વિભાવનાની પહેલ કરતી ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના હેઠળના મહીસાગર જિલ્લાના પ્રથમ દંપતિ લાભાર્થી જશીબેન રમણભાઈ વણકર અને રમણભાઈ વણકરને સરકારની રૂ. ૫૦૦૦૦/– ની આર્થિક સહાય તથા વ્હાલી દિકરી યોજના હેઠળના કુલ ૦૩ લાભાર્થીને મંજુરી હુકમ પત્ર આપી હર્ષની લાગણી અનુભવી હતી.

આ પ્રસંગે સરકારી વકીલ ચેતનાબેન જોષી, સમાજિક કાર્યકર સોનલબેન પંડ્યા અને રવિન્દ્રસિંહ સીસોદીયા એ પ્રસંગ અનુરૂપ વ્યકતવ્ય આપી કાર્યક્રમને દીપાવ્યો હતો. તથા રાષ્ટ્રીય કક્ષાએ ગોલ્ડ મેડાલીસ્ટ અને કરાટે ચેમ્પનીયન જિલ્લાની દિકરી તનુ સોનીએ પોતાની આગવી શૈલીમાં સ્વરક્ષણના પ્રાથમિક કરાટે દાવપેચથી ઉપસ્થિત લોકોના અવગત કરી મહિલા સશક્તિકરણનો સંદેશો પાઠવ્યો હતો.

આ પ્રસંગે એડી.ડિસ્ટ્રિકટ જજ પી.એ.પટેલ,સેકન્ડ એડી. ડિસ્ટ્રિકટ જજ એચ.જી.દવે, પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ પી.જે.ચૌધરી,ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ પી.સી.સોની,એડીશનલ ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ જજ ડી.આર.જગુવાલા, ઈ.ચા.સેક્રેટરી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ અને જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ કે.એ.મારવાહ સહિત મોટી સંખ્યામાં મહિલાઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

# દિવાળીમાં મિઠાઈ ખાતા પહેલા સાવચેત રહો ગંભીર બિમારી થઈ શકે છે

અમદાવાદ, દિવાળીમાં મીઠાઈમાં કાજુકતરી, માવાની મીઠાઈ વધુ વેચાતી હોય છે. આ મીઠાઈમાં વેપારીઓ ભેળસેળ કરતા હોય છે, જેમાં ખાસ કરીને માવાની મીઠાઈમાં અખાદ્ય કલર અને સેકરિનનો ઉપયોગ થતો હોય છે. આ મીઠાઈ તાજી બનેલી હોય તો જ ઉપયોગમાં લઈ શકાય છે. જે દિવસે ખરીદી કરી એના બે દિવસની અંદર જ ખાઈ જવી પડે છે, નહીં તો એમાં ફૂગ આવવા લાગે છે. કાજુકતરીમાં કાજુનો ઉપયોગ કરાય છે, પરંતુ કેટલાકમાં શિંગ અને એના પાઉડરનો પણ ઉપયોગ થાય છે. ઓરિજિનલ કાજુકતરી અને મિકસ કાજુકતરીમાં સ્વાદ અલગ જ હોય છે. ભેળસેળ કરેલી કાજુકતરીમાં સ્વાદ જ આવતો નથી. ફૂડ વિભાગનાં સૂત્રો મુજબ વેપારીઓએ ભેળસેળ કરેલી અને કલરવાળી મીઠાઈ ખાવાથી લોકોને પેટના રોગો જેવા કે ઝાડા-ઊલટી, પેટમાં ચૂંક આવવી તેમજ કિડની પર અસર કરતા રોગો થવાની સંભાવના રહેલી છે. હંમેશાં જે મીઠાઈ ખરીદી કરો એને એક-બે દિવસમાં ખાઈ જવી જરૂરી છે. જો ત્રણ કે ચાર દિવસ મૂકી રાખવામાં આવે તો મીઠાઈ બગડી જાય છે. જો કોઈ ખાય તો તે બીમાર થવાની સંભાવના રહેલી છે. મીઠાઈમાં વધુપડતો કલર જણાય તો એવી મીઠાઈ આરોગવી ખૂબ જ હાનિકારક છે, કારણ કે એ કલર અખાદ્ય હોય છે, જે શરીરને નુકસાન કરી શકે છે.દિવાળીનો તહેવાર શરૂ થઈ ગયો છે. બજારમાં ઠેર ઠેર મીઠાઈઓ વેચાઈ રહી છે. તહેવારોમાં ગિફ્ટમાં આપવા હજારો કિલો મીઠાઈ બજારમાં વેચાય છે. કેટલાક વેપારીઓ બજારમાં વધુ નફો કમાવાની લાલચમાં મીઠાઈમાં ભેળસેળ કરતા હોય છે, જેને કારણે લોકોને રોગનો ભોગ બનવું પડે છે. દિવાળીના તહેવારમાં તંદુરસ્તી જાળવી રાખવી પણ પોતાની જ જવાબદારી બને છે. આવી મીઠાઈ ખાવાથી પેટમાં દુખાવો, ઝાડા-ઊલટી જેવા રોગો થઈ શકે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના વડા ડો. ભાવિન જોશીએ આ મામલે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે કાજુકતરીમાં શિંગ અને એના પાઉડરનો તેમજ અન્ય મીઠાઈમાં કલર, અખાદ્ય માવાનો ઉપયોગ થતો હોય છે. ચાંદીના વરખની જગ્યાએ વેપારીઓ એલ્યુમિનિયમનો વરખ વાપરતા હોય છે. પામોલિન તેલ અને ઘીનો પણ ભેળસેળમાં વધુપડતો ઉપયોગ થાય છે, જેથી ગ્રાહકો આવી મીઠાઈ ખરીદીને ખાતા હોય છે અને બાદમાં તેમની તબિયત લથડતી હોય છે.

# દેશમાં ગુજરાતની સમૃદ્ધિ મોખરાનું સ્થાન ધરાવે છે

અમદાવાદ, વૈશ્વિક સ્તરે ગુજરાતીઓની સમૃદ્ધિના ગુણગાન ગવાય રહ્યા છે, જેની પાછળનું એક જ કારણ છે ગુજરાતીઓ અત્યાર સુધી બચતમાં મોખરે રહ્યા છે, પરંતુ ટેક્નોલોજીના યુગને કારણે પરિવર્તન જોવા મળી રહ્યું છે. યંગ જનરેશન બચત કરતાં ખર્ચને સૌથી વધુ મહત્ત્વ આપી રહ્યા છે જેને કારણે આવનારા સમયમાં બચત રેશિયો ઘટે તો નવાઈ નહીં. બચતના બદલે હવે નોલેજ ઈકોનોમીનો ટ્રેન્ડ શરૂ થયો છે, જેમાં ગુજરાત હજુ પાછળ છે. ગુજરાતીઓની ગળથૂથીમાં બચત વણાયેલી છે, જેને કારણે વિશ્વમાં ગુજરાતીઓ સૌથી વધારે સમૃદ્ધ છે. બચત સાથે ખર્ચ અને વેપારમાં પણ આગળ પડતા છે. એટલું જ નહીં, રિસ્ક લેવામાં પણ ગુજરાતી અવ્વલ છે. છેલ્લા એક દાયકામાં ગુજરાતીઓમાં જે વેલ્થ ક્રિએશન આવ્યું છે એની પાછળનું કારણ શેરમાં રોકાણ છે. દેશનો ગ્રોથ ૬-૭ ટકા છે ત્યારે ગુજરાતનો ગ્રોથ ૧૨-૧૪ ટકા રહ્યો છે. યંગ જનરેશનમાં પરિવર્તન આવ્યું છે અને બચત કરતાં ખર્ચનું પ્રમાણ બમણું રહ્યું છે.વિશ્વમાં સૌથી સમૃદ્ધ દેશોમાં ભારત પાંચમા ક્રમે છે. દેશમાં ગુજરાતની સમૃદ્ધિ મોખરાનું સ્થાન ધરાવે છે એમ કહેવું ખોટું નથી. ગુજરાતી માત્ર વેપાર કરવામાં જ નહિ, બચત તેમજ ખર્ચ કરવામાં પણ માહેર છે. દરેક ક્ષેત્રના નિષ્ણાતોના અંદાજ મુજબ, ગુજરાતમાં કુલ સંપત્તિ અંદાજે રૂપિયા ૧૫૮-૧૬૦ લાખ કરોડથી વધારે હશે. આ સંપત્તિમાં જમીન-મકાન, સોના-ચાંદી, રોકડ-બેંક એફડી તેમજ શેર્સ-મ્યુચ્યુઅલ ફંડ્સ બધું મળીને ગણતરી કરવામાં આવી છે. ગુજરાતનું અર્થતંત્ર અંદાજે ૧૮ લાખ કરોડનું છે, જેમાં ૫૦ ટકાથી વધુ હિસ્સો ખમીરવંતા ગુજરાતી ઉદ્યોગકારોના સેક્ટરનો રહેલો છે. ફાર્મા, કેમિકલ્સ, સિરામિક, ટેક્સટાઈલ, ડાયમંડ, એગ્રી, ઓટો-એન્સિલરી સેક્ટરમાં ગુજરાતી ઉદ્યોગકારો વૈશ્વિક સ્તરે ડંકો વગાડી રહ્યા છે. વિશ્વભરમાં ધનિકોની યાદીમાં ગુજરાતીઓ મોખરાના સ્થાને છે. ગુજરાતીઓ હાથ પર રોકડ રાખવામાં વધુ માને છે ગમે ત્યારે ગમે તે સમયે વેપાર, આકસ્મિક જરૂરિયાત સમયે રોકડ જ કામ આવે છે. એને ધ્યાનમાં લેતાં ગુજરાતીઓ પાસે અંદાજે રૂ. ૧૦ લાખ કરોડ સુધીની બેંક ડિપોઝિટ તેમજ રૂ. ૮-૧૦ લાખ કરોડની રોકડ હોવાનું તારણ મળ્યું છે. બીએસઈ ખાતે દેશના કુલ આઠ કરોડ ડિમેટધારકોમાં એક કરોડથી વધુ ડિમેટ ધારકો ગુજરાતના છે તેના અનુસંધાને કુલ બીએસઈની ૨૭૫ લાખ કરોડની માર્કેટકેપને ધ્યાનમાં લેતા ગુજરાતીઓનો હિસ્સો ૧૦-૧૨ ટકા ગણવામાં આવે તો પણ રૂ. ૨૮ લાખ કરોડથી વધુની માર્કેટકેપ એકલા ગુજરાતીઓની જ છે. મ્યુચ્યુઅલ ફંડ્સની એયુએમ રૂ. ૩૫ લાખ કરોડ આસપાસ છે જેમાં ગુજરાતનો હિસ્સો ૧૦ ટકા ધ્યાનમાં લેતાં રૂ. ૩-૩.૫ લાખ કરોડનું રોકાણ છે.

## ઓક્ટોબરમાં UPI ટ્રાન્ઝેકશન્સ ૧૦૦ અબજ ડોલરને વટાવી ગયું

નવી દિલ્હી, યુપીઆઈને ૨૦૧૬માં લોન્ચ કરવામાં આવ્યું હતું. લોન્ચિંગના ચાર વર્ષ પછી ઓક્ટોબર ૨૦૨૦માં તેના આર્થિક વ્યવહારનું માસિક મૂલ્ય ૩.૮૬ લાખ કરોડ હતું અને તેના વર્ષ પછી તે રીતસરનું બમણું થઈ ગયું હતું. એનપીસીઆઇના એમડી અને સીઈઓ દિલીપ અસ્બેએ જણાવ્યું હતું કે યુપીઆઇ ૨૦૨૧ના અંતે કુલ વોલ્યુમના ૬૦ ટકા વોલ્યુમ નોંધાવી શકે. તેમણે ઉમેર્યું હતું કે જો યુપીઆઇ હાલની ઝડપ જાળવી રાખે તો પાંચ વર્ષના સમયગાળાની અંદર એક જ દિવસમાં એક લાખ કરોડના મૂલ્યને વટાવી જઈ શકે છે, પણ જો તેની પાછળના પ્રયત્નો બમણા કરાય તો આ સિદ્ધિ ત્રણ વર્ષમાં મેળવી શકાય છે.ધ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઇ)એ ઓક્ટોબરમાં વધુ એક સિદ્ધિ નોંધાવી છે. તેના ટ્રાન્ઝેક્શન્સ એટલે કે આર્થિક વ્યવહારના મૂલ્યએ ૧૦૦ અબજ ડોલર એટલે કે ૭૫,૦૦૦ કરોડની સપાટી વટાવી દીધી છે. રુપિયાના સંદર્ભમાં જોઈએ તો ઓક્ટોબરમાં એનપીસીઆઇના યુપીઆઇ દ્વારા થયેલા આર્થિક વ્યવહારોનું મૂલ્ય ૧૦૦ અબજ ડોલરથી વધારે ૭.૭૧ લાખ કરોડ હતું અને ઓક્ટોબરમાં કુલ ૪૨૧ કરોડ આર્થિક વ્યવહાર થયા હતા. આમ મૂલ્ય અને વોલ્યુમ બંને અત્યાર સુધીની ટોચની સપાટીએ પહોંચ્યા હતા. ઓક્ટોબર મહિનો તહેવારોનો હોવાથી લોકોએ મુક્તમને ખરીદી કરી હતી અને તેમા પણ ઈ-કોમર્સ વેચાણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત રસીકરણના ઊંચા દર અને કરફ્યુના નિયમોમાં વધારે રાહત આપવામાં આવતા લોકોએ ઓક્ટોબરમાં બીજા કરતાં વધારે પ્રમાણમાં ખરીદી કરી હતી. માર્ચથી સપ્ટેમ્બર ૨૦૨૧ દરમિયાન યુપીઆઇમાં સરેરાશ માસિક વૃદ્ધિદર ૫.૮ ટકા હતો. જો કે ઓક્ટોબરમાં આર્થિક વ્યવહારોની માસિક ધોરણે વૃદ્ધિ ૧૮ ટકા રહી હતી. આ દરે જોઈએ તો યુપીઆઇનું ટ્રાન્ઝેક્શન વેલ્યુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અંતે દસ લાખ કરોડની સપાટીને વટાવી જઈ શકે છે. ૨૦૨૧ના પ્રારંભથી થયેલા સોદાની તુલનાને ઓક્ટોબરમાં થયેલા સોદા સાથે કરીએ તો તેમા મૂલ્યની રીતે ૭૯ ટકા અને વોલ્યુમની રીતે ૮૩ ટકા વધારો જોવા મળે છે. જાન્યુઆરીમાં થયેલા આર્થિક વ્યવહારોનું મૂલ્ય ૪.૩૧ લાખ કરોડ હતું અને વોલ્યુમ ૨૩૦ કરોડ આર્થિક વ્યવહારોનું હતું.

## દિવાળી સમયે જ કમર્શિયલ સિલિન્ડરમાં ૨૬૪નો વધારો



નવી દિલ્હી, દિવાળી અને નવા વર્ષ પહેલાં મોંઘવારી વધી જતાં લોકો પરેશાન થઈ ગયા હતા. એલપીજી ગેસ સિલિન્ડરમાં ૨૬૪ રૂપિયાનો માતબર વધારો કરાયો હતો. ૧૯.૨ કિલોની કમર્શિયલ ગેસની બોટલ ઉપર ૨૬૪ રૂપિયાનો વધારો થયો હતો. પાટનગર દિલ્હીમાં ૧૯.૨ કિલો કમર્શિયલ ગેસની બોટલનો નવો ભાવ ૨૦૦૦ રૂપિયાએ પહોંચ્યો હતો. અગાઉ આ બોટલનો ભાવ ૧૭૩૬ રૂપિયા હતો. જોકે, ૧૪.૨ કિલોની બોટલમાં ભાવ વધારો થયો ન હતો. કોલકાત્તામાં આ બોટલની કિંમત ૨૦૭૩, મુંબઈમાં ૧૯૫૦ અને લખનઉમાં ૨૦૯૩ હતી. કમર્શિયલ ગેસની કિંમતમાં તોતિંગ વધારો થતાં દિવાળી પહેલાં રેસ્ટોરન્સનું ભોજન મોંઘુ થયું હતું. વળી, તેના કારણે મીઠાઈના ભાવમાં પણ ૧૫થી ૨૦ ટકા સુધીનો વધારો ઝીંકાયો હતો. આ દિવાળીએ મીઠાઈ સરેરાશ ૨૦ ટકા મોંઘી થઈ ગઈ છે.દિવાળી પહેલાં દેશભરમાં મોંઘવારીએ હાહાકાર મચાવ્યો છે. ૧૯.૨ કિલોના કમર્શિયલ ગેસમાં ૨૬૪ રૂપિયાનો વધારો ઝીંકાયો હતો. તે સિવાય ટમેટા, બટેટા અને ડુંગળી જેવી જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓમાં પણ સતત વધારો થતો જાય છે. તેના કારણે લોકોનું તહેવારોનું બજેટ ખોરવાઈ ગયું છે. ઓક્ટોબર મહિનામાં જ ડુંગળીના ભાવ બમણાં થઈ ચૂક્યા છે. ઓક્ટોબરમાં ભાવ સરેરાશ ૨૮થી ૩૦ હતા, એના બદલે નવેમ્બર આવતા આવતા ૪૫થી ૪૦ અને કેટલાક શહેરોમાં તો ૫૫ સુધી પહોંચી ગયા છે. ટમેટા ૨૦ દિવસ પહેલાં ૩૧ રૂપિયે કિલો મળતા હતા. દિવાળીના તહેવારો ઉપર કિલોનો ભાવ મોટાભાગના શહેરોમાં ૪૯ થઈ ગયો છે. રસોઈમાં ટમેટા-ડુંગળી અને બટેટા અનિવાર્ય છે. એમાંય તહેવારોમાં તેના વગર ચાલતું નથી. એમાં એક સાથે ૧૫થી ૨૦ રૂપિયા વધી જતાં તહેવારોનું બજેટ ખોરવાઈ ગયું છે. વળી, કઠોળમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. મગ-ચણાની દાળ, ચણા, અડદની દાળ, તુવેરની દાળમાં એક મહિનામાં વધારો થયો છે. એ જ રીતે રસોઈના અનિવાર્ય અંગ જેવા ડુંગળી, બટેટા અને ટમેટા મોંઘા થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. બટેટા ભારતના નાના-મોટા લગભગ શહેરોમાં ૫૦ રૂપિયે કિલો મળે છે. ૧૫-૨૦ દિવસ પહેલાં જે બટેટા ૩૦થી ૩૫ રૂપિયે કિલો મળતા હતા તે દિવાળી નજીક આવતા ૪૦થી ૫૦ સુધી પહોંચી ચૂક્યા છે. તો વળી ડુંગળી એનાથી ય મોંઘી થઈ ગઈ છે.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
### ટુંકી મુદતની
### જાહેર નિવિદા નં.-૧૯-સને-૨૦૨૧-૨૨

કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, લુણાવાડા જિલ્લો–મહીસાગર ૩૮૯૨૩૦ દ્વારા નીચેના કામો માટે ટેન્ડર ઓફલાઇન માંગવામાં આવે છે.
(૧) કામનું નામ–એકશન પ્લાન ૨૦૨૧–૨૨ હેઠળ માલના મુવાડા હે.વ. ખાતે ટોકી, સંપ, કલેરીફલોકયુલેટર અને ફિલ્ટર પ્લાન્ટની આજુબાજુ વિવિધ સ્ટ્રકચરને નુકશાન ન થાય તે માટે પ્લીન્થ પ્રોટેકશન રીપેરીંગની કામગીરીની અંદાજીત કિંમત રૂા.૪.૯૬ લાખ (૨) કુલ એક કામની અંદાજીત કિંમત રૂા.૪.૯૬ લાખ (૩) એજન્સીની પાત્રતા–રજીસ્ટ્રેશનની નકલ, જી.એસ.ટી. નંબર, પાન કાર્ડ, ઈન્કમટેક્ષ રીટર્ન–૨૦૨૦–૨૧, બેંક સોલવન્સીની નકલ ધરાવતા હોવા જઇએ. (૪) કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ ૧૬.૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે. ટેન્ડરો ભરીને રજી.પોસ્ટ દ્વારા કચેરીમાં પરત સ્વીકારવાની છેલ્લી તા.૧૮/૧૧/૨૦૨૧ ના બપોર ૪.૦૦ કલાક સુધી છે. કામની વધુ વિગતો માટે ફોન નં.૦૨૬૭૪૨૫૧૫૮૦ અને મો.૯૯૭૮૪૦૬૬૨૦ પર સંપર્ક સાંધવો ટેન્ડરને મંજુર કે નામંજુર કરવાની સત્તા સક્ષમ અધિકારી પાસે અબાદીત રાખેલ છે.
ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની તકલીફ અંગે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પ લાઇન નં ''૧૯૧૬'' ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ
લુણાવાડા

માહિતી/ગોધરા/૬૪૯/૨૦૨૧

# ચીનની લશ્કરી પ્રવૃત્તિથી 'પેન્ટાગોન' હલબલી ગયું




વોશિંગ્ટન, અમેરિકાનાં પેન્ટાગોનના હોક્સ (Hawks) ચીનને નજરમાં રાખી ઝડપભેર સંરક્ષણ શક્તિ વધારવા કહે છે. આગામી ૩૦ વર્ષમાં તેમાં ખર્ચ ડૉલર ૧ અબજ પહોંચવા જશે. તૈવાન સૌથી મોટી ચિંતા છે. તેમ કહેતાં, અમેરિકાના વરીષ્ટ લશ્કરી અધિકારીઓએ કહ્યું હતું કે, તૈવાન કબ્જે કરવાનું 'સમય-પત્રક' ઝડપથી આગળ ધપાવી રહ્યું છે. તે તૈવાનની લોકશાહી સહન કરી શકતું નથી, તેથી તેની ઉપર કબજો જમાવવા ઉતાવળું થઈ રહ્યું છે. પરિણામે, અમેરિકા-ચીન યુદ્ધની ભયાવહ આપત્તિ આવી પણ પડે તેવી સંભાવના પણ નિષ્ણાતો જોઈ રહ્યા છે.ચીનની વધી રહેલી લશ્કરી તાકાત અને એશિયા પેસિફિક વિસ્તારમાં અમેરિકાની સર્વોપરિતા તોડવાના તેના પ્રયાસોથી અમેરિકાનું સંરક્ષણ તંત્ર પેન્ટાગોન હલબલી ઉઠયું છે. ચીન બહુવિધ્ મોરચે તેની લશ્કરી પ્રવૃત્તિઓ વધારી રહ્યું છે. તે તેનાં અણુશસ્ત્રોમાં વધારો કરી રહ્યું છે. અંતરિક્ષ ક્ષેત્રે આગળ વધ્યું છે. સાયબર અને મિસાઈલ ટેકનોલોજી તથા તૈવાન અંગે પણ ભયાવહ લાગી રહ્યું છે. પૂર્વે, અણુશસ્ત્રો ધરાવતાં અમેરિકી દળોના કમાન્ડર પદે રહેલા તથા અમેરિકી વીમાન દળની અંતરિક્ષ કાર્યવાહી ઉપર પણ દેખરેખ રાખનારા તેવા અમેરિકી સેવાના દ્વિતીય ક્રમાંકના અધિકારી જનરલ જ્હોન હાઈટેને જણાવ્યું હતું કે 'જે ઝડપથી ચીન આગળ વધી રહ્યું છે તે મગજ ચકરાવે ચઢાવી દે તેવું છે.' 'અત્યારે તો વૈશ્વિક સત્તા સમતુલા જ દાવ ઉપર છે.' તેમ કહેતાં જનરલ હાઈટેને જણાવ્યું હતું કે, 'દાયકાઓ સુધી વૈશ્વિક સત્તા તુલા મહદ્ અંશે અમેરિકા તરફી જ રહી છે પરંતુ તેમાં જાણે કે પુનાર્યવસ્થા થઈ રહી છે અને તે ચીન તરફે વધુ રહી હોય તેવું લાગે છે. જો કે તેથી અમેરિકાને તો સીધી અસર થશે નહી પરંતુ તે એશિયામાં અમેરિકાના સાથીઓ અંગે 'અસમંજસ'ભરી પરિસ્થિતિ ઉભી કરે છે. આથી બાયડન વહીવટી તંત્ર, અણુશસ્ત્રો, વિશ્વમાં અમેરિકી સેનાઓની ગોઠવણી સહિત વ્યાપક સંરક્ષણ વ્યૂહ અંગે નીતિ વિષયક પુનર્વિચારણા આગામી સપ્તાહોમાં જ કરનાર છે.'' અત્યારે તો, અધિકારીઓ તે વિચારી રહ્યા છે કે ચીન ટેકનોલોજી ક્ષેત્રે આટલી મોટી હરણફાળ ભરવા માટે સાધનો કઈ રીતે ઉભા કરી રહ્યું છે. બીજી તરફ આટલી ઝડપી પ્રગતિ માટેની તેની રાજકીય ઈચ્છા શક્તિ પણ આશ્ચર્યજનક છે. તે એટલી ઝડપથી સિદ્ધીઓ હાંસલ કરી રહ્યું છે કે, તેથી બાયડન વહીવટીતંત્રને તેની વિદેશ તેમજ સંરક્ષણ નીતિ પણ પુર્નરચિત કરવાની ફરજ પડી છે. ચીનની વધી રહેલી તાકાતનું એક ઉદાહરણ તેણે તાજેતરમાં કરેલું 'હાઈપર સોનિક' મિસાઈલનું પરીક્ષણ છે. તેના નિર્ધારિત લક્ષ્યાંક પર ત્રાટકતાં પૂર્વે અર્ધી-દુનિયાનો ચકરાવો લઈ વાતાવરણમાં પ્રવેશ્યું હતું. આ પ્રક્ષેપાસ્ત્રની ગતિ તેવી છે કે, તે અમેરિકી 'મિસાઈલ-ડીફેન્સ-સીસ્ટીમ'ને પણ પાછળ રાખી દે તેવી છે. આ પરીક્ષણ અમેરિકી અધિકારીઓ આંચકો ખાઈ ગયા છે. જો કે, ચીને તો તેમજ કહ્યું છે કે તે પ્રક્ષેપાસ્ત્ર હતું જ નહીં, તેણે ફરી ફરી ઉપયોગમાં લઈ શકાય તેવાં સ્પેસ-વ્હીકલને જ અંતરિક્ષમાં વહેતું મુક્યું હતું. અમેરિકાના જોઈન્ટ-ચીફ-ઓફ-સ્ટાફના અધ્યક્ષ જનરલ માર્ક મિલિએ કહ્યું હતું કે, આ (પરીક્ષણ) સ્પુટનિક વહેતો મુકાયા સમયની યાદ આપે છે. સોવિયેત સંઘે ૧૯૫૭માં સૌથી પહેલાં ઉપગ્રહ (સ્પુટનિક) વહેતો મૂકી દુનિયાને આંચકો આપી દીધો હતો. દુનિયાને દર્શાવી આપ્યું હતું કે, અમેરિકા ટેકનોલોજી ક્ષેત્રે પાછું પડી ગયું છે. ફેડરેશન ઓફ અમેરિકન સાયન્ટિસ્ટના વડા હાન્સક્રિસ્ટેનસેને કહ્યું હતું કે, ચીનના શસ્ત્રાગારમાં અણુ-શસ્ત્રો લઈ જઈ શકે તેવાં ૨૫૦ ઈન્ટર-કોન્ટીનન્ટલ બેલાસ્ટિક મિસાઈલ્સ બનાવી રહ્યું છે. જે માટે 'સિલોઝ' (ભૂગર્ભ નળાકાર વ્યવસ્થા) પણ બનાવી રહ્યું છે. અત્યારે ચીન પાસે જે 'સીલોઝ' છે તે કરતાં આ સંખ્યા દસ ગણી છે. અમેરિકા પાસે આવાં ૪૦૦ જેટલાં એક્ટિવ ICBM સીલોઝ છે. જ્યારે ૫૦ સીલોઝ અનામત રખાયાં છે.

# દેશના ઘણા જિલ્લાઓમાં પ્રથમ ડોઝનો ૫૦ ટકા હિસ્સો પણ નથી મળ્યો



નવી દિલ્હી, દિલ્હીમાં સોમવારે સ્કૂલ અને કોલેજોને ખુલ્લી મુકવામાં આવી હતી, કોરોનાને કારણે છેલ્લા ૧૯ મહિનાથી દિલ્હીમાં તેને બંધ રાખવામાં આવી હતી. સ્કૂલ કોલેજો ખુલતા જ વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે વિદ્યાર્થીઓએ વર્ગખંડમાં આવવું ફરજિયાત નથી તેઓને ઓનલાઇન શિક્ષણ પણ મળતુ રહેશે તેમ દિલ્હી સરકારે કહ્યું હતું.દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના નવા ૧૨૫૧૪ કેસો સામે આવ્યા હતા. જ્યારે કોરોનાના કુલ કેસોનો આંકડો વધીને ૩.૪૨ કરોડે પહોંચ્યો છે. તેવી જ રીતે એક્ટિવ કેસો પણ ઘટીને ૧,૫૮,૮૧૭એ પહોંચ્યા હતા જે છેલ્લા ૨૪૮ દિવસમાં સૌથી ઓછા છે. દરમિયાન હજુ પણ દેશના ૪૮ જિલ્લાઓ એવા છે કે જ્યાં રસીનો પ્રથમ ડોઝ ૫૦ ટકા લોકોને નથી મળ્યો. રસીકરણની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક બેઠક યોજવા જઈ રહ્યા છે. તેઓ રસીકરણની વર્તમાન સ્થિતિ પર આ બેઠકમાં ચર્ચા કરશે અને કામગીરી અંગે રિપોર્ટ પણ લેશે. મોદીની આ બેઠક યોજાવા જઈ રહી છે, જેમાં જે પણ જિલ્લાઓમાં રસીકરણ ઓછુ છે તેનો રિપોર્ટ લેવામાં આવશે. આવા આશરે ૪૮ જિલ્લાઓની યાદી તૈયાર કરવામાં આવી છે. આ એવા જિલ્લાઓ છે કે જ્યાં હજુસુધી રસીનો પ્રથમ ડોઝ ૫૦ ટકાથી પણ ઓછા લોકોને મળ્યો છે. બીજી તરફ કોરોનાને કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૨૫૧ લોકોના મોત નિપજયા છે. અને કુલ મૃત્યુઆંક વધીને ૪.૫૮ લાખને પાર પહોંચ્યો છે. સતત ૨૪ દિવસથી દૈનિક કેસો ૨૦ હજારની નીચે આવી રહ્યા છે. જ્યારે ૨૪ કલાકમાં એક્ટિવ કેસોમાં ૪૫૫નો ઘટાડો નોંધાયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવીયાએ કહ્યું હતું કે જે પણ લોકો રસી લેવાને લાયક છે તેમાંથી ૭૮ ટકાને પ્રથમ ડોઝ આપી દેવાયો છે જ્યારે ૩૮ ટકાને બન્ને ડોઝ આપવામાં આવ્યા છે. અન્યોને રસી આપવામાં આવી રહી છે. અત્યાર સુધી કુલ રસીના ડોઝ અપાયા તેની સંખ્યા ૧૦૬.૩૧ કરોડને પાર પહોંચી ગઈ છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે મહિલાઓને તેમના હકો-કાનુની અધિકારો અને શોષણ સામેના કાયદાકીય ઉપાયોની સમજ આપતું નારી સંમેલન યોજાયું

દાહોદ,

ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર, દાહોદનાં સયુક્ત ઉપક્રમે સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે મહિલાઓને તેમના હકો, કાનુની અધિકારો અને શોષણ સામેના કાયદાકીય ઉપાયોની સમજ આપતું નારી સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા પણ સહભાગી થયા હતા. કાર્યક્રમમાં રાજ્ય સરકારની નારીકલ્યાણલક્ષી યોજનાઓના મંજૂરીપત્રકોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પંડિત દીનદયાલ સભાગૃહમાં ઉપસ્થિત મહિલાઓને સંબોધન કરતાં વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાએ જણાવ્યું કે, આપણી સંસ્કૃતિમાં મહિલાઓને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. નારીને નારાયણીનું રૂપ ગણીને તેને હંમેશા પૂજનીય ગણવામાં આવી છે. મહિલાઓએ પોતાની સુષુપ્ત શક્તિઓને ઓખળવી જોઈએ અને તેને બહાર લાવીને નારીશક્તિકરણની દિશામાં આગળ વધવું જોઈએ.

તેમણે જણાવ્યું કે, મહિલાઓના હકોના રક્ષણ માટે, તેમને કાનુની રક્ષણ મળે એ માટે, તેમના કાયદેસરના અધિકારો મેળવવા માટે સરકાર પ્રતિબદ્ધતાપૂર્વક નક્કર કામ કરી રહી છે ત્યારે મહિલાઓએ પણ પોતાના હકો–અધિકારો માટે અવાજ ઉઠાવવો જોઈએ. બહુધા મહિલાઓ શોષણ સામે મૌન રહે છે. એક મહિલા ઉપર અત્યાચાર થતો હોય ત્યારે અન્ય મહિલાઓની ચૂપ રહે છે. પરિણામે આવા મહિલાઓ સામેની હિંસાને પ્રોત્સાહન મળે છે. દરેક મહિલાએ આવા દરેક શોષણ સામે મક્કમપણે અવાજ ઉઠાવવો જોઈએ. સરકાર મહિલાઓના હિતોના રક્ષણ માટે કામ કરી રહી છે ત્યારે મહિલાઓની જાગૃતિ પણ એટલી જ જરૂરી છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલાએ જણાવ્યું કે, મહિલાઓ દરેક ક્ષેત્રમાં અગ્રેસર છે ત્યારે નારી પોતાની ક્ષમતાઓને ઓળખે અને નવી ક્ષિતિજોને આંબવા સતત પ્રયાસરત રહે એ મહિલા સશક્તિકરણ માટે ખૂબ જરૂરી છે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલે પણ મહિલાઓના હક–અધિકારની તેમજ મહીલા સશક્તિકરણની વાત કરી હતી.

નારી સંમેલનમાં રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે ગંગા સ્વરૂપ સહાય યોજના, વ્હાલી દિકરી યોજના સહિતની યોજનાઓના મંજૂરીપત્રો મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

આ વેળાએ જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમાર, જિલ્લા કારોબારીના અધ્યક્ષ જિથરાભાઈ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ તેમજ ઉપપ્રમુખ, દાહોદનાં તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર રમીલાબેન ચૌધરી, નારી સંરક્ષણગૃહનાં ચેરપર્સન રજંનબેન તેમજ મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## દાહોદમાં જાહેરમાં ફટાકડા ફોડનારા લોકોએ પોલીસ સાથે દિવાળી મનાવવી પડશે

દાહોદ,

દાહોદ નગર અને જિલ્લાના નાગરિકોને દીપાવલી પર્વની શુભકામના પાઠવતા જિલ્લા પોલીસ અધીક્ષક હિતેશ જોયસરે દિવાળીનું પર્વ સારી રીતે, સુરક્ષિત રીતે અને કોવીડ એપ્રોપ્રિએટ બિહેવિઅર સાથે મનાવવા અપીલ કરી છે.



એક સંદેશમાં એસપી જોયસરે જણાવ્યું છે કે, છેલ્લા દોઢ વર્ષથી ચાલી રહેલી કોરોનાની મહામારી દરમિયાન દાહોદના નાગરિકોનો અદ્દભૂત સહયોગ મળ્યો છે. આવા જ સહયોગની અપેક્ષા આ દિવાળીના પર્વમાં નાગરિકો પાસેથી છે. કારણ કે, હજુ કોરોના ગયો નથી અને તેની ત્રીજી લહેર આવવાની પૂરી શક્યતા છે. દાહોદ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન દ્વારા શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી છે અને તેમાં નાયબ પોલીસ અધીક્ષક, પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા આ સપરમા દિવસોની શાંતિથી ઉજવણી કરવા જણાવવામાં આવ્યું છે.

તેમણે એમ પણ કહ્યું કે, સુપ્રિમ કોર્ટના આદેશને પગલે ગૃહ વિભાગ દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે અને તેમાં દિવાળીના પર્વમાં ફટાકડા ફોડવા માટે સ્પષ્ટ આદેશ કરવામાં આવ્યો છે. પર્યાવરણને નુકસાન ના થાય એવા ગ્રિન ક્રેકર્સ ફોડવાના રહે છે. જાહેરમાં કોઈ સ્થળે ફટાકડા ફોડવાના નથી. રાત્રે આઠથી દસ વાગ્યા દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે. આ બાબતનું ઉલંઘન કરનારા તત્વો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

જોયસરે કહ્યું કે, દિવાળી પર્વની ઉજવણી કોઈની પણ ધાર્મિક, સામાજિક લાગણી ના દૂભાઈ એ રીતે કરવાની છે. દિવાળી એ પ્રકાશનું પર્વ છે અને પરસ્પર ભાઈચારાનું પર્વ છે. કોઈની પણ લાગણીને ઠેસ પહોંચાડવાના બદલે ખુશી–આનંદની વહેંચણી કરીએ. કોઈ જગાએ ખોટી ભીડ ના કરવી. ભીડના કારણે કોરોના ફેલાઈ છે. બહાર નીકળતી વખતે માસ્ક પહેરવું જરૂરી છે.

દિવાળી પર્વમાં બહાર ફરવા જનારા નાગરિકો પોતાનું સરનામું નજીકના પોલીસ સ્ટેશનને સાદી અરજી સાથે આપતા જાય એવો અનુરોધ કરતા એસપીએ કહ્યું કે, બહાર ફરવા જનારા પરિવારના બંધ મકાનના વિસ્તારમાં વિશેષ પેટ્રોલિંગ કરવામાં આવશે. વેકેશન દરમિયાન બંધ શાળા કોલેજો કે અન્યશૈક્ષણિક સંસ્થાનો અંગે જે તે ગામના સરપંચો, ફળિયાના વ્યકિતઓને વિશેષ સચેત રહેવાની અપીલ કરાઈ છે. કેમકે, ચેતતા નર સદા સુખી. દિવાળીની સુરક્ષિત રીતે ઉજવણી કરવા પોલીસને સહયોગ આપવા પુનઃ જોયસરે અપીલ કરી છે.

## દિવાળીના તહેવારોનાં ઉમંગમાં સાવચેતી ના વિસરાય, ફટાકડા ફોડતી વખતે આ વાતોનું ખાસ ધ્યાન રાખો

દાહોદ,

દિવાળી પ્રકાશ–આનંદ–ઉત્સવનું પર્વ છે. આ દિવાળીના તહેવારોને સાવચેતી સાથે ઉજવીએ અને પોતાના પરીવારને કોઈ પણ અકસ્માતોથી દૂર રાખીએ. આ સમયે બહુધા આગ લાગવાના, દાઝી જવાના બનાવો બને છે. માટે ઉત્સવના ઉમંગમાં સાવચેતી ના વિસરાય તેનો ખાસ ખ્યાલ રાખીએ અત્યારે કોરોનાથી બચવા સેનિટાઈઝરનો ઉપયોગ કરીએ છીએ પરંતુ સેનિટાઈઝર ખૂબ જ જ્વલનશીલ પદાર્થ છે માટે તે હાથમાં લગાવી કદી પણ ફટાકડા ફોડવા નહી કે આગથી દૂર રહેવું જરૂરી છે. આવી નાની નાની બાબતોનો ખ્યાલ રાખીને આપણે અકસ્માતોને નિવારી શકીએ છીએ. નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોરે નાગરિકોને તમામ સાવચેતીઓ રાખીને જ દિવાળી પર્વની ઉજવણી કરવા અપીલ કરી છે.



ફટાકડા ફોડનારે વાળ યોગ્ય રીતે બાંધો તેમજ લાંબા અને ઢીલા કપડા પહેરવાનું ટાળો. કોટનના અને ફીટ કપડા પહેરો. સિલ્ક અને સિક્વેટિક ફેબ્રિક ન પહેરો. બાળકોને તમારી દેખરેખમાં જ ફટાકડા ફોડવા દો અને તેમનું ખાસ ધ્યાન રાખો. ફટાકડાનો અવાજ બહેરાશભર્યો હોય તો કાનમાં કોટન પ્લગ મુકો. શ્વસન સંબધી સમસ્યા હોય તે બહાર જવાનુ ટાળે. ઘરની છત ઉપરથી કોઈ પણ સળગી શકે તેવી વસ્તુઓને દૂર કરો.

ફટાકડા ફોડતી વખતે ફૂટવેર પહેરો, હાથમાં ફટાકડા ફોડશો નહી. સળગતી મીણબત્તીઓ અને દીવાની આસપાસ ફટાકડા ખુલ્લા ન છોડો. વીજળીના થાંભલા અને વાયરો પાસે ક્યારેય ફટાકડા ન ફોડવા. અડધા બળી ગયેલા ફટાકડાને ક્યારેય ફેંકશો કે અડકશો નહી. ફટાકડા ફોડવા માટે ઓપન ફાયર મેચ કે લાઈટરનો ઉપયોગ ન કરો. તેના બદલે, અગરબત્તી, સ્પાર્કલર, લાંબુ સળગતાં લાકડાનો ઉપયોગ કરો. કોઈ પણ વાહનની અંદર ફટાકડા ફોડવા નહી. જો ફટાકડા ફૂટવામાં વધુ સમય લાગે તો તેની સાથે છેડછાડ ન કરો. સુરક્ષિત અંતર રાખીને તેની ઉપર પાણી નાખો.

ફટાકડા ફોડતી વખતે સેનીટાઈઝરવાળા હાથે ન ફોડો કે સેનીટાઈઝરની બોટલ દૂર રાખવી. એપીએમસી અને કોટન ગોડાઉન વિસ્તાર આજુબાજુ ફટાકડા ફોડવા નહી. ઈમરજન્સી માટે પાણીની ડોલ હાથમાં રાખો. આગના કિસ્સામાં ફાયર બિગ્રેડને ૧૦૧ ઉપર કોલ કરો.

આ સપરમા પર્વના સમયે પણ કોરોના સાવચેતીઓનું ચુસ્ત પાલન કરવું જોઈએ. માસ્ક, સેનિટાઈઝર અને મેળાવડાઓથી દૂર રહેવું જરૂરી છે. મિત્રો–સંબધીઓને બોલાવતા હોય તો અલગ અલગ દિવસે બોલાવવા.

ખુલ્લી જગ્યામાં ફોડવા જોઈએ અને આજુબાજુ કોઈ જ્વલનશીલ પદાર્થ ન હોય તેનું ધ્યાન રાખે. લાયસન્સ ધરાવતા વેપારીઓ પાસેથી જ ફટાકડા ખરીદવા. ક્રેકરના લેબલ પર છાપેલી સૂચનાઓ અવશ્ય વાંચો. ફટાકડાને બંધ કન્ટેનરમાં સ્ટોર કરો અને આસપાસ કોઈ જ્વલનશીલ પદાર્થ ન હોય તેનું ધ્યાન રાખો. ક્રેકર–ફટાકડા સળગાવતા સલામત અંતર જાળવો.

## ફતેપુરાના ડુંગરી ગામે અજાણ્યા વાહનની અડફેટમાં મહિલાનું મોત

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ડુંગરી ગામે એક અજાણ્યા વાહનના ચાલકે એક રાહદારી મહિલાને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં મહિલાને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં મહિલાનું સારવાર દરમ્યાન મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા. ૦૧ નવેમ્બરના રોજ ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે રહેતા શારદાબેન ડુંગરી ગામેથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે એક અજાણ્યો વાહનનો ચાલક પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી શારદાબેનને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી નાસી જતાં શારદાબેનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં શારદાબેનને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં શારદાબેનનું સારવાર દરમ્યાન મોત નીપજતાં આ સંબંધે ડુંગરી ગામે નિલેશભાઈ મોહનભાઈ પરમાર દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરામાં સરકારી જમીન પડાવી લેનાર આરોપીની ધરપકડ ન થતાં રજુઆત

ફતેપુરા,

ફતેપુરામાં સરકારી જગ્યા પચાવી પાડનારાઓ વિરૂદધ લેન્ડગ્રેબીંગની ફરીયાદ દાખલ થઈ હોવા છતા આરોપીઓની ધરપકડ કરાતી ન હોવાની બાબત.

ફતેપુરા મામલતદાર કચેરીના એન્ટ્રસ ગેટ આગળ ફતેપુરા ગ્રામ પંચાયતની ગ્રામતળની રે.સ.નં.૩૩૪(જુનો ૧૩૫/૨/૧) તથા રે.સ.નં.૩૩૪(જુનો ૧૩૫/૨)વાળી જમીન આવેલી છે. આ જમીનમાં ગેરકાયદેસર રીતે કલાલ વસંતલાલ નાનાલાલ અને કલાલ પંકજભાઈ વસંતલાલ દ્વારા અનઅધિકૃત રીતે બાંધકામ કરી જગ્યા પચાવી પાડવામાં આવતા ફતેપુરાના મામલતદાર દ્વારા બંને આરોપીઓ વિરૂદધ લેન્ડગ્રેબીંગ એકટ– ૨૦૨૦ મુજબ ફતેપુરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરાવવામાં આવેલ છે. ફરીયાદ દાખલ થયાને પંદર દિવસ જેટલો સમય વિતી જવા પામ્યો છે. તેમ છતા આરોપીઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી નથી. તેમજ આરોપીઓને આગોતરા જામીન મળી રહે તે માટે યેનકેન પ્રકારે પુરતો સમય આપવામાં આવી રહ્યો છે. પોલીસ તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી કોઈ પણ પ્રકારની રહેમરાહ રાખ્યા વગર લેન્ડગ્રેબીંગના ગુનામાં સંડોવાયેલ આરોપીઓની તાત્કાલીક અસરથી ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલવામા આવે તેવી અમારી ગ્રામજનોની માંગ સ ાથે નમ્ર વિનંતી છે.

## દાહોદ બસ સ્ટેશન ખાતે મુસાફરોની ભીડ વધી : મુસાફરો માટે એકસ્ટ્રા બસ દોડાઈ

દાહોદ,

દાહોદ શહેરના બસ ડેપો ખાતે મુસાફરોની હાલ ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને દાહોદ જિલ્લામાં વસવાટ કરતાં ગ્રામીણ વિસ્તારના લોકો જેઓ મજુરી અર્થે જિલ્લા બહાર અન્ય જિલ્લાઓ અને અન્ય અન્ય રાજ્યોમાં જતાં હોય છે તેઓ પરત દિવાળી તહેવાર ઉજવવા માદરે વતન આવતાં દાહોદની એસ.ટી.બસો અને ખાનગી વાહનોમાં મુસાફરોની અવર જવર વધી છે. મુસાફરોને બસની મુસાફરીમાં સુવિધા મળી રહે તે માટે દાહોદ સહિત રાજ્યના અન્ય જિલ્લાઓમાં એક્સ્ટ્રા બસો પણ દોડાવવામાં આવી રહી છે.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારના લોકો રોજી રોટી કમાવવા અને પેટનો ખાડો પુરવા મજુરી કામ અર્થે દાહોદ જિલ્લામાંથી બહાર અન્ય જિલ્લાઓ અને અન્ય રાજ્યમાં જતાં હોય છે. દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારના લોકો જિલ્લામાં પોતાની જમીન, જાગીર છોડી અન્ય રાજ્યોમાં મજુરી કરવા જતાં હોય છે. આવા સમયે આખો વર્ષે બહાર મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે ત્યારે ખાસ હોળી અને દિવાળી જેવા મોટા તહેવારોમાં પરપ્રાંતિય મજુરો માદરે વતન પરત આવતાં હોય છે. હાલ દિવાળીનો તહેવાર હોઈ દિવાળી તહેવાર પોતાના માદરે વતન ઉજવવા દાહોદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારના લોકો દાહોદ ખાતે માદરે વતન આવી રહ્યાં છે જેને પગલે દાહોદ શહેરના બસ સ્ટેશનમાં મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે અને એમાંય ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના લોકો ખરીદીના સામાનની સાથે સાથે ખાવા પીવાની ચીજવસ્તુઓ પણ સાથે લઈ વતન આવી રહ્યાં છે જેને પગલે બસો અને ખાનગી વાહનો હાઉસ ફુલ થઈ રહ્યાં છે. દિવાળી તહેવાર ટાળે દાહોદ એસ.ટી. ડેપોની આવકમાં પણ વધારો થયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

## દેવગઢબારિયા નગરમાં ગેસ પાઈપલાઈનનું ખાતમુર્હત કરતા સ્થાનિક ધારાસભ્ય બચુભાઈ ખાબડ

દાહોદ,

દેવગઢ બારીયા નગરપાલિકા વિસ્તારમાં ગુજરાત ગેસ કંપની દ્વારા નગરમાં ગેસ પાઈપ લાઈન ની કામગીરી હાથ ધરતા સ્થાનિક ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત કરી પાઈપ લાઈનની કામગીરી શરૂ કરાઈ આ કાર્યક્રમમાં નગરજનો ની ગેર હાજરી થી અનેક તર્ક–વિતર્કો.



દેવગઢ બારીયા ના નગરજનો માટે જાણે આજે એક સુવર્ણદિન હોય તેમ નગરમાં ગુજરાત ગેસ કંપની દ્વારા ગેસ પાઈપલાઈનની કામગીરી હાથ ધરતા નગરજનો માટે એક ખુશીના સમાચાર કહેવાય તેમ છે ત્યારે આજરોજ દેવગઢબારિયા નગરના ટાવર પાસે ગુજરાત ગેસ કંપની લિમિટેડ દ્વારા ગેસ પાઈપલાઈન નાખવાની કામગીરી હાથ ધરવામાં આવતા આજરોજ આ યોજનાને લઈ રાજ્યકક્ષાના પૂર્વ મંત્રી અને સ્થાનિક ધારાસભ્ય બચુભાઈ ખાબડ ના હસ્તે આ ગેસ પાઈપલાઈન શુભારંભ કરાવતા તેઓએ ખાતમુહુર્ત કર્યું હતું. જેમાં પાલિકા દ્વારા આ કાર્યક્રમની સાથે નગરમાં ફેરિયાઓને પણ રોજગારી મળી રહે તે માટે ૧૦ હજારની લોન ની જોગવાઈ કરવામાં આવી હતી. તેમજ પાલિકાના સફાઈ કર્મીઓને દિવાળી પર્વને લઈ કપડા તેમજ મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું. ત્યારે આ ગેસ પાઈપલાઈનની યોજના કાર્યક્રમમાં નગરજનોની હાજરી આંખે ઊડીને વળગે તેમ જોવાઈ રહી હતી. આ કાર્યક્રમમાં નગરજનોની જગ્યાએ પાલિકાના કર્મચારીઓની હાજરી જોવા મળી હતી. ત્યારે ગુજરાત રાજ્યના ઉંડાણવાળા વિસ્તારમાં આ ગેસ પાઈપ લાઈન આવતી હોઈ તે એક નગરજનો માટે ગૌરવની વાત કહેવાય ત્યારે આ યોજનાના કાર્યક્રમમાં રાજ્યકક્ષાના પૂર્વ મંત્રીના હસ્તે કાર્યક્રમ થતો હોય અને તેમાં જો નગરજનો હાજર ન રહે તો ક્યાંક નગરજનો આ પાલિકાના વહીવટને લઈ કે પછી સ્થાનિક નેતાને લઈ કે પછી આ કાર્યક્રમ થી અજાણ જેવા અનેક સવાલો ઉદ્દભવ્યા હોઈ તેમ નગરજનોના મુખે તરહ તરહની વાતો ચર્ચાઈ રહી હતી. આમ, દેવગઢબારિયા નગરમાં ગુજરાત ગેસ પાઈપલાઈન દ્વારા ગેસ પાઈપલાઈનનું ખાતમુરત કરી ગેસ પાઈપ લાઈન નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી.

## ફતેપુરા તાલુકાની યુવતિનો અશ્લીલ અભદ્ર લખાણવાળો ફોટો સોશ્યલ મીડીયામાં વાયરલ કરતા ઈસમ વિરૂદ્ધ ફરિયાદ

ફતેપુરા,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં એક ૨૦ વર્ષીય યુવતીને એક યુવક દ્વારા શારિરીક સંબંધ બાંધવા દબાણ કરી, યુવતીએ તે બાબતે ના પાડી દેતાં યુવક દ્વારા તેના અસ્લીલ તેમજ અભદ્ર લખાણવાળા ફોટા સોશીયલ મીડીયામાં વાઈરલ કરી દેતાં આ અંગેની જાણ યુવતીના પિતને થતાં તેના પિતા દ્વારા યુવકને આ મામલે વાતચીત કરવા જતાં યુવકે યુવતિના પિતાને પણ મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ફતેપુરા તાલુકાના ખાખરીયા બચકરીયા ગામે રહેતો સુભાષભાઈ રાજુભાઈ ડામોરે ફતેપુરા તાલુકામાં રહેતી એક ૨૦ વર્ષીય યુવતીને ગત તા.૧૫.૧૦.૨૦૨૧ થી તારીખ ૩૦.૧૦.૨૦૨૧ના સમયગાળા દરમ્યાન અવાર નવાર યુવતી સાથે મોબાઈલ ફોન ઉપર શરીર સંબંધ રાખવાનું કહેતો હતો. યુવતીએ આ અંગે ના પાડી દેતાં સુભાષભાઈ દ્વારા યુવતીને ધાકધમકી આપી કહેલ કે, તું મારી સાથે વાતો ન કરે તો અને મારી જોડે સંબંધ ન રાખે તો તારા ફોટા મારી પાસે છે, તેના હું પોસ્ટર બનાવી જાહેરમાં લગાવીશ ત્યારે આ સમયગાળા દરમ્યાન યુવતીના ફોટા પોતાના મોબાઈલ ફોનના વોટ્સ અને ફેસબુક ડીપી ઉપર મુકતાં આ અંગેની જાણ યુવતીના પિતાને થઈ હતી અને યુવતીના પિતા દ્વારા આ મામલે સુભાષભાઈ પાસે જઈ વાતચીત કરતાં સુભાષભાઈ દ્વારા યુવતીના પિતાને ધાકધમકી આપી કહેલ કે, તારી છોકરીને ભગાડી લઈ જઈશ, તારાથી થાય તે કરી લે, તેમ કહી યુવતીના અશ્લીલ તેમજ અભદ્ર લખાણવાળા ફોટા ઈન્ટાગ્રામ અને ફેસબુક ઉપર ડીપી મુકી સોશીયલ મીડીયામાં વાઈરલ કરી દેતાં આ સંબંધ યુવતી દ્વારા સુભાષભાઈ રાજુભાઈ ડામોર વિરૂદ્ધ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદના રળીયાતી ભુરા ગામેથી ૩.૨૭ લાખના દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપ્યો

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના રળીયાતી ભુરા ગામેથી પોલીસે એક રહેણાંક મકાનમાંથી રૂા.૩,૨૭,૬૦૦ના પ્રોહી જથ્થા સાથે એકની અટક કરી જ્યારે એક પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૦૧ નવેમ્બરના રોજ ચાકલીયા પોલીસને મળેલ બાતમીના આધારે રળીયાતી ભુરા ગામે હોળી ફળિયામાં રહેતાં રસુભાઈ નાથુભાઈ બારીયા અને રાજેશભાઈ મીકલભાઈ બારીયાના રહેણાંક મકાનમાં ઓચિંતો છાપો મારતાં પોલીસે રસુભાઈને ઝડપી પાડ્યો હતો જ્યારે પોલીસને જોઈ મીકલભાઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે મકાનની તલાસી લેતાં વિદેશી દારૂની પેટીઓ નંગ.૬૫ વિદેશી જેમાં વિદેશી દારૂની બોટલો નંગ. ૩૧૨૦ કિંમત રૂા. ૩,૨૭,૬૦૦ તથા એક મોબાઈલ ફોન કિંમત રૂા. ૫૦૦ એમ કુલ મળી રૂા. ૩,૨૮,૧૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો.

આ સંબંધે ચાકલીયા પોલીસે ઉપરોકત બંન્ને ઈસમો વિરૂદ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરા ગલાલપુરા નજીક ઘાસ ભરેલ ટ્રકમાં આગ લાગતા ટ્રક બળીને ખાખ

ફતેપુરા,

ગોધરાથી ટ્રકમાં ઘાસ ભરીને ચાલક આવતો હતો દરમિયાન દાહોદ જિલ્લાના ફતેપુરા નજીક ગલાલપુરા પાટિયા પાસે ટ્રકમાં ભરેલા ઘાસ અચાનક જ શોર્ટ સર્કિટના કારણે આગ લાગતા સંપુર્ણ ઘાસ સહિત ટ્રક બળીને ખાખ થઈ ગઈ હતી. આ ઘટનાને પગલે દોડધામ મચી જવા પામી હતી.

દાહોદ જિલ્લાના ફતેપુરાના નાનાલાલ સાગરમલ અગ્રવાલની ટ્રકમાં ડ્રાઈવર વડવાસ ગામનો રંગેશભાઈ શામજીભાઈ પારગી ગોધરાથી ઘાસ ભરીને ફતેપુરા તરફ આવી રહ્યો હતો તે દરમિયાન ફતેપુરા નજીક ગલાલપુરા(હાથીવેલા)પુલ પાસે અચાનક ટ્રકમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગી હતી. અચાનક ધુમાળો નીકળતા ડ્રાઈવર ગાડી સાઈડમાં ઉભી કરી જોતા પાછળના ભાગે તથા ટ્રકની અંદર કેબિનમાં આગ લાગતા ઘાસ સહિત ટ્રક બળીને ખાખ થઈ ગઈ હતી. આજુબાજુના લોકોને બોલાવી આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયત્ન કર્યો પરંતુ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આગ ઉપર કાબુ મેળવી શકાયો ન હતો. આ સંદર્ભે નાનાલાલ સાગરમલ અગ્રવાલે ફતેપુરા પોલીસ મથકે જાણ કરતા પોલીસે આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

## દાહોદ પડાવ વિસ્તારમાં ૧૨ કલાક પહેલા બનેલ રસ્તાને એજન્સી દ્વારા ખોદાતા નુકસાન ભરપાઈની નોટિસ અપાઈ

દાહોદ,

દાહોદ શહેરના પડાવ વિસ્તારમાં સરદાર ચોક પાસે તા.૩૧ ઓકટો.૨૦૨૧ના રોજ નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ નવીન ડામર રોડની કામગીરી રાત્રે પુર્ણ કરવામાં આવી હતી. જેને ૧૨ કલાક પણ થયા ન હતા ત્યારે પોલીસ વિભાગના સીસીટીવી કેમેરાનુ કામ કરતી એજન્સી દ્વારા કોઈ કામ અર્થે મનસ્વી રીતે બ્રેકર દ્વારા રોડ તોડી નાંખ્યો હતો. તેના કારણે નવીન ડામર રોડને અંદાજિત એક લાખ રૂપિયાનુ નુકસાન થયુ હતુ. આ મામલે નગરપાલિકા દ્વારા એજન્સીને નોટિસ પાઠવીને તેમાં જણાવાયુ હતુ કે, રસ્તાને થયેલ નુકસાનના એક લાખ રૂપિયા ત્રણ દિવસમાં નગરપાલિકા કચેરીએ ભરી જવા, નગરપાલિકા તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વારંવાર જણાવવા છતાં પાલિકા કચેરીની ટેકનીકલ શાખાનો સંપર્ક કર્યો નથી. એન.ઓ.સી. મેળવી નથી.

આમ એક સરકારી વિભાગ વહીવટીતંત્ર સાથે સંકલનમાં રહેતા ન હોવાનો નોટિસમાં ઉલ્લેખ કરાયો હતો. આ સાથે મનસ્વી રીતે નગરપાલિકાના અન્ય રસ્તઓને વારંવાર નુકસાન પહોંચાડાતો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. હવે પછી નગરપાલિકાની એન.ઓ.સી. મેળવ્યા વિના આ જ પ્રકારની કામગીરી કરવામાં આવશે નગરપાલિકા અધિનિયમની જોગવાઈઓ અનુસાર આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે હોવાનુ પણ નોટિસમાં જણાવાયુ હતુ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.62

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા

# પાન ઈન્ડીયા અવેરનેસ એન્ડ આઉટરીચ કેમ્પેઈનનાં માધ્યમથી કાનૂની જાગૃતિનો ભગીરથ પ્રયાસ

ગોધરા, દેશની આઝાદીનાં ૭૫મા વર્ષની ઉજવણીનાં ભાગરૂપે દેશમાં આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે સુપ્રિમ કોર્ટના નામદાર ન્યાયમુર્તિ તથા રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ,(નાલસા) નવી દિલ્હીના એકઝીકયુટીવ ચેરમેન યુ.યુ. લલિતના નેજા હેઠળ સમગ્ર દેશમાં છેવાડાના માનવી સુધી કાનૂની જાગૃતતા આવે અને લોકોને નિઃશુલ્ક અને અસરકારક કાનૂની સહાય અને સલાહની ઉપલબ્ધતાની માહિતી પહોંચે તે માટે ૪૪ દિવસનું પાન ઈન્ડિયા અવેરનેસ એન્ડ આઉટરીચ કેમ્પેઈન' હાથ ધરવામાં આવ્યું છે.

આગામી તા.૧૪ નવેમ્બર સુધી ચાલનારા પાન ઈન્ડિયા અવેરનેસ એન્ડ આઉટરીચ કેમ્પેઈન' અંતર્ગત ગુજરાત રાજયમાં આવેલ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળના પેટ્રન ઈન ચીફ તથા માનનીય મુખ્ય ન્યાયમુર્તિ અરવિંદકુમાર તથા ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ન્યાયમુર્તિ આર.એમ. છાયા તથા ગુજરાત હાઈકોર્ટે કાનૂની સેવા સમિતિના ચેરમેન ન્યાયમુર્તિ સુ. સોનીયાબેન ગોકાણીના માર્ગદર્શન હેઠળ આ કેમ્પેઈન સમગ્ર ગુજરાત રાજય અને ખાસ કરીને દરેક ગામમાં જે તે જિલ્લાના જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ



તથા જે તે તાલુકાની તાલુકા સેવા સમિતિઓ મારફતે હાથ ધરવામાં આવ્યું છે. જેમાં રાજયના તમામ જિલ્લામાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળનાં પેનલ એડવોકેટ, પેરા લીગલ વોલિન્ટીયર્સ, લો સ્ટુડન્સ તથા અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે આ અંગે ગામે ગામ ડોર ટુ ડોર કેમ્પેઈન મોબાઈલ વાન મારફતે હાથ ધરવામાં આવી રહ્યું છે.

આ કેમ્પેઈન દ્વારા મફત કાનૂની સહાય અને સલાહની ઉપલબ્ધતા બાબતે નાગરિકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. તદ્‌ઉપરાંત સામાન્ય લોકોને સ્પર્શતા કાયદાકીય પ્રશ્નો અંગે કાનૂની શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કેમ્પેઈનનો ઉદ્દેશ સમગ્ર ગુજરાતના દરેક ગામોમાં પેનલ એડવોકેટ અને પેરા લીગલ વોલીટીયર્સની ટીમ દ્વારા તબકકાવાર વખત જઈ લોકોને તેઓના કાનૂની અધિકારોથી જાગૃત કરવાનો છે,

ગત તા. ૦૨/૧૦/૨૦૨૧ થી તા.૨૫/૧૦/૨૦૨૧ સુધીમાં ગામે ગામ જઈ ડોર ટુ ડોર કેમ્પેઈન કરી આજ સુધી પ્રથમ તબકકામાં તમામ ૧૮,૫૪૧ ગામડા તથા બીજા તબક્કાના ૪,૫૫૫ ગામડા ફરી કુલ ૨,૨૧,૪૫,૯૭૦ લાભાર્થીઓનો લોક સંપર્ક કરવામાં આવ્યો છે. જેમને મફત અને સક્ષમ કાનૂની સહાયતાની ઉપલબ્ધતા બાબતે અવગત કરાવવામાં આવ્યા છે. તેમજ આ સમય દરમ્યાન ૧૧,૪૧૩ કાનૂની શિક્ષણ શિબિરો, ૧૦,૬૯૮ ગામડાઓમાં યોજી ૧૪,૪૫,૭૦૫ લાખાર્થીઓને કાનૂની પ્રશિક્ષણ પુરૂ પાડવામાં આવ્યું છે. તેમજ ૩૪૭ મોબાઈલ વાનનો ઉપયોગ કરી સમગ્ર રાજયમાં ૭,૪૭૪ ગામડા ફરી ૬૦,૮૨,૮૮૫ લાભાર્થીઓને મફત અને સક્ષમ કાનૂની સહાયતાની ઉપલબ્ધતા બાબતે અવગત કરાવવામાં આવ્યા છે. ૭૦૩ લીગલ એઈડ ક્લીનીકમાં ૭૩૯ કાનૂની જાગૃતિ યોજી ૨,૫૪,૫૩૦ લાભાર્થીઓને મફત અને સક્ષમ કાનૂની સહાયતાની ઉપલબ્ધતા બાબતે અવગત કરાવવામાં આવ્યા છે.

વધુમાં ફેસબુક, યુ ટ્યુબ, રેડીયો જેવા માધ્યમોની મદદથી ૬૬૦ જાગૃતિ કાર્યક્રમો યોજી ૩,૦૧,૧૪,૪૩૮ લાભાર્થીઓને મફત અને સક્ષમ કાનૂની સહાયતાની ઉપલબ્ધતા બાબતે અવગત કરાવવામાં આવ્યા છે. તેમજ વિવિધ જિલ્લાઓમાં મેગા લીગલ સર્વિસીસ કેમ્પ, એકઝીબીશન, રેલી, સ્ટોલ વિગેરેનું આયોજન કરી ૨૮૪ પ્રોગ્રામ યોજી ૨૧,૪૬,૯૩૯ લોકોને મફત અને સક્ષમ કાનૂની સહાયતાની ઉપલબ્ધતા બાબતે અવગત કરાવવામાં આવ્યા છે. આમ કુલ ૩૭૩૭ જેટલા વિવિધ કાર્યક્રમો યોજી રાજયના તમામ ગામડાઓમાં ફરી મહત્તમ લાભાર્થીઓને મફત અને સક્ષમ કાનૂની સહાયતાની ઉપલબ્ધતા બાબતે અવગત કરાવવામાં આવ્યા છે. તમામ નાગરિકોને કોઈપણ પ્રકારના કાનૂની પ્રશ્ન, કાનૂની મુંઝવણ, કાનૂની સહાય કે કાનૂની સલાહ માટે નજીકના કાનૂની સેવા સંસ્થાનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

### કોરોના કાળમાં દર્દીઓ અને પરિવારજનો પાસેથી

## ખાનગી હોસ્પિટલો દ્વારા કરોડો રૂપીયા લીધેલ હોય તે પરત આપવાની માંગ સાથે જીલ્લા કોંગ્રેસ દ્વારા આવેદન આપ્યું

ગોધરા, કોરોનાકાળના વિપરીત દુઃખદ સમયે કોરોના દર્દીઓ અને તેમના પરિવારજનો પાસેથી ગુજરાત અને પંચમહાલ જીલ્લાની ખાનગી હોસ્પિટલોએ દર્દી અને પરિવારની મજબુરીનો લાભ લઈ લાખો-કરોડો રૂપીયા લઈ સારવારના નામે લીધેલ બેફામ નાણાં પરત કરવા અને આવા દવાખાના, ડોકટરો સામે ન્યાયિક પગલાં ભરવાની માંગ સાથે પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આવેદન આપ્યું.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગુજરાત સરકારના ભુતપૂર્વ શહેરી વિકાસ નર્મદા મંત્રી યોગેશ પટેલે કરેલ ઘટસ્ફોટ તેમજ કોવિડ-૧૯ ન્યાય યાત્રા દરમ્યાન અમોને થયેલ અનુભવ રજુઆત મુજબ કોરોનામાં મૃત્યુ પામનાર, સારવાર કરાવનાર દર્દી અને પરિવારજનોની વેદના, મુશ્કેલી, દુઃખદ અને ચિંતા પ્રેરિત છે. કોરોનાકાળના કપરા સમયે કેટલાક હોસ્પિટલો, ડાકટરોએ માનવતાના મૂલ્યોને કોરણે મૂકી કરોડો-લાખો રૂપીયા સામાન્ય, મધ્યમ, ગરીબ કે અમીર દર્દીઓ-પરિવારજનો પાસેથી ખંખેરી ઉઘાડી લૂંટ ચલાવી હોવાનું પ્રકાશમાં આવેલ છે. અનેક હોસ્પિટલોએ દર્દી પાસેથી જુદાજુદા ચાર્જરૂપે અનેક ઘણા રૂપીયા વસુલી છે. ઉપરાંત લેવા-એકસરે, સીટી સ્કીન, રિપોર્ટના ચાર્જ પણ બેફામ રીતે વસુલ્યા છે. હોસ્પિટલોમાં સારવારનો કેટલો ખર્ચ થશે તેની વિગતો પણ દર્શાવેલ છે. જણાવેલ નથી તથા ટેસ્ટ માટે ચોકકસ લેબમાં મોકલી પોતાની જ હોસ્પિટલ માંથી દવાઓ ખરીદવા આગ્રહ રાખી વધુ ઈન્જેકશનો મંગાવી પોતાની પાસે રાખી જે રીતના દર્દીઓ અને પરિવારજનોને જે યાતનાઓનો સામનો કરી જે વેદના બહાર આવી છે. તે દુઃખદ અને ચિંતા પ્રેરીત છે. જે અંગે ભાજપા સરકારના પૂર્વ મંત્રીઓ પણ આક્રોશ અને નારાજગી વ્યકત કરી છે. ત્યાં આ હકીકત અને વિગતોને જોતાં હોસ્પિટલો દ્વારા મજબુરીનો લાભ લઈ લાખો-કરોડો રૂપીયા સારવારના નામે લેવામાં આવેલ છે. તેની ન્યાયિક તપાસ કરી આવા દર્દીઓ પરિવારજનોએ ખૂબ જ મુશ્કેલ સ્થિતીમા ચુકવેલ નાણાંની વ્યાજબી કપાત કરી તેમા નાણાં પરત ચુકવવા અમારી માંગ સહ રજુઆત છે. ઉપરાંત આવા માનવતા ભૂલેલા હોસ્પિટલો સામે ઉપયોગી પગલાં ભરવા જરૂરી છે. તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રમુખ અને કાર્યકરો દ્વારા આવેદન આપવામાં આવ્યું.

### આઝાદી કા અમૃત મહોત્સવ

## ગોધરા ખાતે મહિલાઓને તેમના કાનૂની અધિકારો વિશે માહિતી આપતા કાર્યક્રમનું આયોજન કરાયું

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે શ્રેણીમાં રાષ્ટ્રીય મહિલા આયોગનાં સહયોગથી પંચમહાલ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તથા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા તા ૦૧/૧૧/૨૦૨૧નાં રોજ ડો.આંબેડકર ભવન ગોધરા ખાતે મહિલાઓનાં કાનૂની અધિકારો વિશે તથા અન્ય યોજનાકીય માહિતી આપતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના વિભિન્ન વર્ગની મહિલાઓને સ્પર્શતા કાનુની અધિકારો અંગે વિભિન્ન વર્ગની મહિલાઓમાં પોતાના કાનૂની હક્કો માટેની જાગૃતિમાં વધારો થાય તથા મહિલાલક્ષી કાયદાઓની જાણકારી મળી રહે તેવા હેતુથી પંચમહાલ જિલ્લા કાનુની સેવાસત્તા મંડળના સચિવનાં અદયક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. અદયક્ષસ્થાનેથી સંબોધન કરતા સચિવએ સમાજનાં છેવાડાની મહિલા પણ પોતાનાં કાનૂની અધિકારોથી વંચિત ન રહે તે દિશામાં તાલુકા તથા પંચમહાલ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તથા સરકારી તંત્ર દ્વારા કાર્યક્રમો યોજીને જાગૃતિ ઉભી કરવામાં આવી રહેલ છે. આ કાર્યક્રમાં ઉપસ્થિત મહિલાઓને ૧૮૧ અભયમ હેલ્પલાઈન વિશે, વન સ્ટોપ સેન્ટર વિશે, પોલીસ સ્ટેશન બેઈઙ્ઝ સપોર્ટ સેન્ટર વિશે, કામકાજના સ્થળે જાતીય સતામણી અધિ.૨૦૧૩ વિશે, બાળકને દત્તક લેવા વિશે તથા નારી સુરક્ષાને લગતા વિભિન્ન વિષયો ઉપર વિસ્તૃત જાણકારી વરિષ્ઠ મહિલા ધારાશાસ્ત્રી વૈદેહીબહેન દાણી તથા સકિલાબહેન દ્વારા પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સચિવ.પંચમહાલ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, મહિલા અને બાળ અધિકારી, દહેજ પ્રતિબંધક અધિકારી, સમાજ સુરક્ષા અધિકારી, મહિલાલક્ષી સુરક્ષાને લગતા વિવિધ કર્મચારીઓ તથા સ્વૈછીક સંસ્થાઓના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લા પોલીસ અધીક્ષક હિતેશ જોયસરે દાહોદ પોલીસના કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલને દિવાળી પૂર્વે જ બઢતીની ભેટ આપી

દાહોદ, દાહોદ પોલીસ તંત્રમાં દિવાળીનો આનંદ છવાયો છે. જિલ્લા પોલીસ અધીક્ષક હિતેશ જોયસરે દાહોદ પોલીસમાં વિવિધ સંવર્ગમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલને દિવાળી પૂર્વે જ બઢતીની ભેટ આપી છે. આ ઉદ્દાત ભાવથી પોલીસ પરિવારમાં દિવાળી પર્વનો આનંદ બેવડાયો છે. મુખ્ય મથકના નાયબ પોલીસ અધીક્ષક પરેશ સોલંકીએ માહિતી આપતા કહ્યું છે કે, દાહોદ જિલ્લા પોલીસમાં બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ૨૧ પોલીસકર્મીને એ સંવર્ગમાં આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી આપવામાં આવી છે. આ જ રીતે હથિયારી સંવર્ગમાં ૧૧ હેડ કોન્સ્ટેબલને એએસઆઇ પદે બઢતી આપવામાં આવી છે. આમ કુલ, ૩૧ પોલીસકર્મીને એએસઆઇનું પ્રમોશન અપાયું છે.

આ ઉપરાંત, પોલીસ અધીક્ષક જોયસરે કોન્સ્ટેબલ્સને પણ ધડાધડ પ્રમોશન આપ્યા છે. જેની વિગતો જોઇએ તો બિન હથિયારી સંવર્ગમાં ૨૩ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ અને હથિયારી સંવર્ગમાં ૧૧ને આ પદ ઉપર બઢતી આપવામાં આવી છે. આ પૂર્વે તાજેતરમાં જિલ્લા પોલીસ તંત્ર દ્વારા બઢતીનો એક રાઉન્ડ કાઢવામાં આવ્યો હતો. જેમાં બિન હથિયારી સંવર્ગના ૩૬ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ બનાવવામાં આવ્યા હતા. દાહોદ પોલીસ તંત્રનો એક પણ ભાગ પ્રમોશનથી વંચિત રહ્યો નથી. આજ ધનતેરસના દિવસે પણ બે કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલના પ્રમોશન અપાયા છે. જેમાં મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ અને અશ્વદળ વિભાગનો સમાવેશ થાય છે. છેલ્લા એક માસ સુધી ચાલેલી વહીવટી પ્રક્રીયાને સરળ બનાવી બઢતીપાત્ર તમામ પોલીસકર્મીઓને બઢતી આપવામાં આવી છે. આમ, દાહોદ પોલીસ તંત્રએ ૧૦૪ કર્મીઓને બઢતીથી નવાજી દિવાળી સુધારી છે.

## રોજગારવાંછુ ઉમેદવારોને નોકરીની વિશાળ તકો અંગે માહિતી મેળવવા અનુબંધમ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવા અનુરોધ પોતાના જિલ્લામાં સેકટરવાઈઝ વેકેન્સી અંગે માહિતી મેળવી શકાશે

ગોધરા, જિલ્લા રોજગાર અધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, રોજગાર કચેરીમાં રજીસ્ટ્રેશન માટે નવું વેબ પોર્ટલ અનુબંધમ ઉમેદવારો માટે ખુલ્લું મુકવામાં આવેલ છે. જેમાં રજીસ્ટ્રેશન કરાવી ઉમેદવાર પોતાના જિલ્લાની વિવિધ નોકરીઓ સેકટરવાઈઝ શોધી શકશે તથા રોજગારવાંછુ ઉમેદવાર ઘરે બેઠા આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી શકશે. આ વેબપોર્ટલમાં રજીસ્ટ્રેશન માટે માત્ર આધારકાર્ડ નંબર અને આધારકાર્ડનો ફોટો ફાઈલ અપલોડ કરવાની રહેશે. સરળતાથી નોકરીની શોધ કરતા યુવાનો આ પોર્ટલમાં રજિસ્ટ્રેશન કરી શકશે, જેથી પંચમહાલ જીલ્લાનાં વધુમાં વધુ ભાઈઓ-બહેનો http://anubandham.gujarat.gov.in નામની વેબસાઈટ/વેબપોર્ટલમાં જઈને રોજગારવાંછુ ઉમેદવાર તરીકે(ષજ્ઞબતયયસચી) તરીકે રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ કરાવે તે માટે અનુરોધ કરવામાં આવ્યો છે. તેમજ જે કંપની/નોકરીદાતા દ્વારા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોની શોધમાં હોય છે તેવી સંસ્થા પણ એમ્પ્લોયર તરીકે આ પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવી શકે છે, એકમમાં ખાલી પડેલ જગ્યાઓ દર્શાવી શકે છે, રોજગાર કચેરીની સેવાઓ ઘેર બેઠા મેળવી શકે છે તેમજ રોજગાર કચેરી દ્વારા યોજાતા ભરતીમેળામાં પણ ભાગ લઈ શકાશે. જે ઉમેદવારોએ આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવ્યું છે, તેમને પોતાની પ્રોફાઈલ અપડેટ કરવા માટે પણ વિનંતી કરવામાં આવી છે. રોજ એક વખત આ પોર્ટલ પર લોગીન કરવાથી દરેક અપડેટ આ પોર્ટલ પર મળતી રહેશે. વધુ માહિતી માટે જિલ્લા રોજગાર કચેરી, ગોધરાનાં ફેસબુક પેજ MODEL CAREER CENTRE GODHRA, NATIONAL CAREER CENTRE PANCHMAHAL અને ટવિટરને ફોલો કરવાનું રહેશે. વધુ રજિસ્ટ્રેશન હેલ્પ માટે હેલ્પલાઈન નંબર ૦૨૬૭૨ ૨૪૧૪૦૫/૬૩૫૭ ૩૯૦ ૩૯૦ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

## ગોધરા પાંજરાપોળ વિસ્તારની મિલ્કત માટે નોંધાયેલ લેન્ડ ગ્રેબીંગની ફરિયાદના આરોપીના આગોતરા જામીન રદ

ગોધરા, સમગ્ર ગોધરા શહેરમાં ખૂબજ ચકચાર જગાવનાર લેન્ડ ગેબિગના આરોપી સુરેશભાઈ મધુવનદાસ શાહની આગોતરા જામીન અરજી નામંજૂર હાલમાં જ ગોધરા શહેરના પાંજરાપોળ વિસ્તારમાં આવેલી મિલકતમાં કાયદા વિરૂદ્ધનો કબજો ધરાવનાર વિરૂદ્ધ પંચમહાલ જિલ્લાના મહેરબાન ક્લેક્ટર રૂબરૂ લેન્ડ ગેબિગ કાયદા અનુસાર અરજી ફરીયાદી ઉદેસિંહ મનુભાઈ પરમાર દ્વારા આપવામાં આવી હતી. જે અરજી મહેરબાન ક્લેક્ટર તથા સમિતિ સમક્ષ વિગતવાર ચાલી જતાં ક્લેક્ટર પંચમહાલ દ્વારા ફરીયાદ દાખલ કરવાનો હુકમ કરવામાં આવેલ જે હુકમના આધારે ગોધરા ટાઉન એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાતા તપાસ નાયબ જિલ્લા પોલીસ વડા સી.સી.ખટાણાઓ એ સંભાળી લીધી હતી અને આરોપીની શોધખોળ કરતા આરોપી પોતાના ઘરે મળી આવેલ ન હતા અને ત્યારબાદ આરોપી દ્વારા પંચમહાલ જિલ્લાના સ્પેશિયલ જજ લેન્ડ ગેબિગ સમક્ષ આગોતરા જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જે અરજીની સુનાવણી છેલ્લા પાંચેક દિવસથી રોજેરોજ નામદાર કોર્ટમાં ચાલતી હતી. જે અરજીના કામે અરજદાર દ્વારા પોતે ઉંમર લાયક છે અને આવો કોઈ ગુન્હો કરેલ નથી. તેવી તમામ હકીક્તોને નામદાર કોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવી ન હતી અને જીલ્લા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની વિગતવારની દલીલો તથા પોલીસ તપાસના તમામ કાગળોને ધ્યાનમાં લઈ પંચમહાલ જિલ્લાના સ્પેશિયલ કોર્ટ લેન્ડ ગેબિગ ડી.જે.શાહ દ્વારા આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

## સ્વચ્છતા મિશનને લઈ એક માસ વિવિધ કાર્યક્રમ યોજાયો

ગોધરા, આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પંચમહાલ/મહીસાગરના જુદા જુદા જેવા કે એન એસ એસ વિભાગ, એસ પી. ટી. કોલેજ અને લો કોલેજ, ગર્વમેન્ટ પોલીટેકનિક કોલેજ, ડિવિઝન ડી, પોલીસ સ્ટેશન, મહાકાળી મંદિર, વિશ્વકર્મા ચોક, નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા પરિસર અને હાઈસ્કુલ, શાળાઓ, પંચમહાલ/મહીસાગર ૧૦૦ થી વધુ ગામો માં નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા૧ ઓક્ટોમ્બર થી૩૧ ઓક્ટોમ્બર એક મહિના સુધી સહ્યુક્ત સફાઇ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સ્વચ્છતાના ૩૧ ઓક્ટોબર સુધીના એક માસના કાર્યક્રમની પૂર્ણાહુતિ કરાઈ હતી. એક



માસ દરમ્યાન લોકો સુધી સ્વચ્છતાનો સંદેશ પહોચાડવા, સ્વચ્છતા ગીતો, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા , પ્રતિજ્ઞા જેવા વિવિધ પ્રકારના માધ્યમોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. સ્વચ્છતા અંગે જાગૃતતા પણ ફેલાવવામાં આવી હતી. ૩૧/૧૦ના રોજ સરદાર પટેલ જયંતિ રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે સરદાર પટેલના સ્મારકને પુષ્પાંજલિ આપીને આ એક માસનાં સ્વચ્છતા અભિયાનનો સંદેશ જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈ, તમામ મંડળો, સ્વયંસેવકો સૌ અભિયાનમાં જોડાયેલ યુવા ભાઈ-બહેનો હાર્દિક અભિંદન સાથે ધન્યવાદ કરીને અભિયાનની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પટેલીયા રણજીતસિંહ દીપસિંહ
મુ. અંતેલા-ચણોડા ફળીયું, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

દિનુભાઈ માવસીંગભાઈ બારીઆ
મુ. સચાગલી જુના શાકમાર્કેટ રોડ- ઉધારવાળા-૨, તા. દે.બારીઆ